**સભાગૃહમાં રજૂ થયા તા.૨૮મી ફેબ્રુઆરી,૨૦૨૪**

**જાહેર હિસાબ સમિતિ**

**પંદરમી ગુજરાત વિધાનસભા**
**પ્રથમ અહેવાલ**

**સન ૨૦૦૯–૧૦ના વર્ષના વિનિયોગ હિસાબો અને નાણાકીય હિસાબો પરનો અહેવાલ તથા તે પરના સી.એ.જી.ના ઓડિટ અહેવાલો (મુલ્કી તથા મહેસૂલ ક્ષેત્ર) પરનો અહેવાલ**

**(ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત)**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**
**વિઠ્ઠલભાઈ પટેલ ભવન,**
**ગાંધીનગર.**

**(કિંમત – ............)**

## જાહેર હિસાબ સમિતિ

## (સન ૨૦૨૩-૨૪)

**પ્રમુખશ્રી**

શ્રી જીતુભાઈ વાઘાણી

**સભ્યશ્રીઓ**

શ્રી પ્રવિણકુમાર માળી

*ડૉ. સી.જે.ચાવડા

શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા

ડૉ. હસમુખ પટેલ

શ્રી અમુલ ભટ્ટ

શ્રી કાંતીલાલ અમૃતિયા

શ્રી જયેશભાઇ રાદડીયા

શ્રી હેમંતભાઇ આહિર

શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા

શ્રી સી.કે.રાઉલજી

શ્રી ઈશ્વરસિંહ પટેલ

શ્રી અરવિંદ રાણા

શ્રી કિશોર(કુમાર) કાનાણી

શ્રી નરેશભાઇ પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી સી.બી.પંડ્યા, સંયુક્ત સચિવ

શ્રી સી.એન.પટેલ, ઉપસચિવ

શ્રી નિરજ ગામીત, શાખા અધિકારી

*તા.૧૯/૦૧/૨૦૨૪ના રોજ ધારાસભ્ય પદેથી રાજીનામુ આપતા સભ્યશ્રી તરીકે રહેતા નથી.

**જાહેર હિસાબ સમિતિ**

**(સન ૨૦૨૨–૨૩)**

**પ્રમુખશ્રી**

શ્રી પૂંજાભાઈ વંશ

**સભ્યશ્રીઓ**

શ્રી બળદેવજી ઠાકોર

શ્રી કનુભાઈ પટેલ

શ્રી રાકેશભાઈ શાહ

શ્રી અરવિંદકુમાર પટેલ

શ્રી ગોવિંદભાઈ પટેલ

શ્રી ભગાભાઈ બારડ

શ્રી વિરજીભાઈ ઠુમ્મર

શ્રી આત્મારામ પરમાર

શ્રી અમિત ચાવડા

શ્રી જીતેન્દ્ર સુખડીઆ

શ્રી યોગેશ પટેલ

શ્રી વિવેક પટેલ

શ્રી ઈશ્વરભાઈ પરમાર

શ્રી રમણલાલ પાટકર

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી સી.બી.પંડ્યા, નાયબ સચિવ

શ્રી એમ. એચ. કરંગીયા, નાયબ સચિવ

શ્રી ડી.એ.ચૌધરી, ઉપસચિવ

શ્રી નિરજ ગામીત, શાખા અધિકારી

## જાહેર હિસાબ સમિતિ

## (સન ૨૦૨૧-૨૨)

### પ્રમુખશ્રી

શ્રી પૂંજાભાઇ વંશ

### સભ્યશ્રીઓ

ડૉ. આશાબેન પટેલ

ડૉ. અનિલ જોષિયારા

શ્રી બળદેવજી ઠાકોર

#શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ

શ્રી રાકેશભાઇ શાહ

શ્રી અરવિંદકુમાર પટેલ

*શ્રી પ્રદિપભાઇ પરમાર

શ્રી ગોવિંદભાઇ પટેલ

શ્રી ભગાભાઇ બારડ

શ્રી વિરજીભાઇ ઠુમ્મર

શ્રી આત્મારામ પરમાર

શ્રી જીતેન્દ્ર સુખડીઆ

શ્રી યોગેશ પટેલ

શ્રી વિવેક પટેલ

શ્રી ઇશ્વરભાઇ પરમાર

*શ્રી નરેશભાઇ પટેલ

શ્રી રમણલાલ પાટકર

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એ. બી. કરોવા, નાયબ સચિવ

શ્રી સી.બી.પંડ્યા, નાયબ સચિવ

શ્રી એમ. એચ. કરંગીયા, ઉપસચિવ-નાયબ સચિવ

શ્રી ડી.એ.ચૌધરી, ઉપસચિવ

શ્રી નિરજ ગામીત, શાખા અધિકારી

#તા.૧૬/૦૯/૨૦૨૧ના રોજથી મુખ્યમંત્રીશ્રી તરીકે નિમણૂંક થતાં સભ્યશ્રી તરીકે રહેતા નથી.

* તા.૧૬/૦૯/૨૦૨૧ના રોજથી મંત્રીશ્રી તરીકે નિમણૂંક થતાં સભ્યશ્રી તરીકે રહેતા નથી.

## જાહેર હિસાબ સમિતિ

## (સન ૨૦૨૦-૨૧)

### પ્રમુખશ્રી

શ્રી પૂંજાભાઇ વંશ

### સભ્યશ્રીઓ

શ્રી ઋષિકેશભાઇ પટેલ

ડૉ. અનિલ જોષિયારા

શ્રી બળદેવજી ઠાકોર

શ્રી કિશોર ચૌહાણ

શ્રી સુરેશભાઇ પટેલ

શ્રી બાબુભાઇ પટેલ

શ્રી રાઘવજીભાઇ પટેલ

શ્રી વિક્રમભાઇ માડમ

શ્રી વિરજીભાઇ ઠુમ્મર

શ્રી રાજેન્દ્રસિંહ પરમાર

શ્રીમતી મનીષા વકીલ

શ્રીમતી સંગીતાબેન પાટીલ

શ્રી નરેશભાઇ પટેલ

શ્રી કનુભાઇ દેસાઇ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એ. બી. કરોવા, નાયબ સચિવ

શ્રી એમ. એચ. કરંગીયા, ઉપસચિવ

શ્રી નિરજ ગામીત, શાખા અધિકારી

## જાહેર હિસાબ સમિતિ

## (સન ૨૦૧૯-૨૦)

### પ્રમુખશ્રી

શ્રી પૂંજાભાઇ વંશ

### સભ્યશ્રીઓ

શ્રી બળદેવજી ઠાકોર

શ્રી રાકેશભાઇ શાહ

શ્રી જગદીશ વિશ્વકર્મા

શ્રી ગોવિંદભાઇ પટેલ

શ્રી વિક્રમભાઇ માડમ

શ્રી કેશુભાઇ નાકરાણી

શ્રી રાજેન્દ્રસિંહ પરમાર

શ્રી નિરંજન પટેલ

શ્રી સી. કે. રાઉલજી

શ્રી મોહનસિંહ રાઠવા

શ્રી જીતેન્દ્ર સુખડીઆ

શ્રી દુષ્યંતભાઇ પટેલ

શ્રી પુર્ણેશ મોદી

શ્રી પિયુષભાઇ દેસાઇ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એ. બી. કરોવા, નાયબ સચિવ

શ્રીમતી ડી. બી. શાહ, ઉપસચિવ

શ્રી નિરજ ગામીત, શાખા અધિકારી

**જાહેર હિસાબ સમિતિ**

**(સન ૨૦૧૮-૧૯)**

**પ્રમુખશ્રી**

શ્રી પૂંજાભાઇ વંશ

**સભ્યશ્રીઓ**

શ્રી અલ્પેશ ઠાકોર

ડૉ. અનિલ જોષિયારા

શ્રી બળદેવજી ઠાકોર

શ્રી રાકેશભાઇ શાહ

શ્રી જગદીશ પંચાલ

શ્રી ગોવિંદભાઇ પટેલ

* શ્રી કુંવરજીભાઇ બાવળિયા

શ્રી કેશુભાઇ નાકરાણી

શ્રી રાજેન્દ્રસિંહ પરમાર

શ્રી નિરંજન પટેલ

શ્રી સી. કે. રાઉલજી

શ્રી જીતેન્દ્ર સુખડીઆ

શ્રી દુષ્યંતભાઇ પટેલ

શ્રી પિયુષભાઇ દેસાઇ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એ. બી. કરોવા, નાયબ સચિવ

શ્રીમતી ડી. બી. શાહ, ઉપસચિવ

શ્રી નિરજ ગામીત, શાખા અધિકારી

*તા.૦૩/૦૭/૨૦૧૮ના રોજથી મંત્રીશ્રી તરીકે નિમણૂંક થતા સભ્યશ્રી તરીકે રહેતા નથી.

## જાહેર હિસાબ સમિતિ
## (સન ૨૦૧૭-૧૮)

### પ્રમુખશ્રી

શ્રી શક્તિસિંહ ગોહિલ

### સભ્યશ્રીઓ

શ્રી પરબતભાઇ પટેલ

શ્રી બળદેવજી ઠાકોર

શ્રી રાકેશભાઈ શાહ

શ્રી જગરૂપસિંહ રાજપૂત

શ્રી ભૂષણભાઇ ભટ્ટ

શ્રી શૈલેષભાઇ પરમાર

શ્રી રજનીકાંત પટેલ

શ્રી બાવકુભાઇ ઉંધાડ

શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી

શ્રી રામસિંહ પરમાર

શ્રી મોહનસિંહ રાઠવા

શ્રી જીતેન્દ્ર સુખડીઆ

શ્રી દુષ્યંતભાઇ પટેલ

શ્રી રણજીતભાઇ ગીલીટવાલા

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એમ. એમ. પરીખ, નાયબ સચિવ

શ્રીમતી ડી. બી. શાહ, શાખા અધિકારી

## **જાહેર હિસાબ સમિતિ**

**(સન ૨૦૧૬-૧૭)**

### **પ્રમુખશ્રી**

શ્રી શક્તિસિંહ ગોહિલ

### **સભ્યશ્રીઓ**

શ્રી પરબતભાઇ પટેલ

શ્રી બળદેવજી ઠાકોર

શ્રી રાકેશભાઈ શાહ

શ્રી જગરૂપસિંહ રાજપૂત

શ્રી ભૂષણભાઇ ભટ્ટ

શ્રી શૈલેષભાઇ પરમાર

શ્રી રજનીકાંત પટેલ

શ્રી બાવકુભાઇ ઉંધાડ

શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી

શ્રી રામસિંહ પરમાર

શ્રી મોહનસિંહ રાઠવા

શ્રી જીતેન્દ્ર સુખડીઆ

શ્રી દુષ્યંતભાઇ પટેલ

શ્રી રણજીતભાઇ ગીલીટવાલા

### **ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એમ. એમ. પરીખ, નાયબ સચિવ

શ્રીમતી ડી. બી. શાહ, શાખા અધિકારી

## જાહેર હિસાબ સમિતિ

## (સન ૨૦૧૫-૧૬)

### પ્રમુખશ્રી

શ્રી શક્તિસિંહ ગોહિલ

### સભ્યશ્રીઓ

શ્રી રમેશ મહેશ્વરી

શ્રી પંકજ મહેતા

શ્રી પરબતભાઇ પટેલ

શ્રી ઋષિકેશ પટેલ

શ્રી બળદેવજી ઠાકોર

શ્રી રાકેશભાઈ શાહ

શ્રી ભૂષણભાઇ ભટ્ટ

શ્રી શૈલેષભાઇ પરમાર

શ્રી રજનીકાંત પટેલ

શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી

શ્રી રામસિંહ પરમાર

શ્રી મોહનસિંહ રાઠવા

શ્રી દુષ્યંતભાઇ પટેલ

શ્રી રણજીતભાઇ ગીલીટવાલા

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એમ. જે. પરમાર, અધિક સચિવ

શ્રી એમ. એમ. પરીખ, નાયબ સચિવ

શ્રીમતી રીટા મહેતા, નાયબ સચિવ

શ્રીમતી ડી. બી. શાહ, શાખા અધિકારી

## જાહેર હિસાબ સમિતિ
## (સન ૨૦૧૪–૧૫)

### પ્રમુખશ્રી

શ્રી શક્તિસિંહ ગોહિલ

### સભ્યશ્રીઓ

*શ્રી વાસણભાઇ આહિર

શ્રી રમેશભાઇ મહેશ્વરી

શ્રી પરબતભાઇ પટેલ

શ્રી બળદેવજી ઠાકોર

શ્રી ભૂષણભાઇ ભટ્ટ

શ્રી શૈલેષભાઇ પરમાર

શ્રી રજનીકાંત પટેલ

શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી

શ્રી રામસિંહ પરમાર

શ્રી મોહનસિંહ રાઠવા

શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી

શ્રી દુષ્યંતભાઇ પટેલ

શ્રી પ્રકુલભાઇ પાનશેરીયા

શ્રી રણજીતભાઇ ગીલીટવાલા

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એમ. જે. પરમાર, અધિક સચિવ

શ્રી એ.બી.કરોવા, ઉપસચિવ

શ્રીમતી રીટા મહેતા, ઉપસચિવ

શ્રી કે.જે.ભટ્ટ, ઉપસચિવ

શ્રીમતી ડી. બી. શાહ, શાખા અધિકારી

*તા.૧૧/૧૧/૨૦૧૪ના રોજથી સંસદીય સચિવ તરીકે નિમણૂંક થતાં સભ્ય પદે રહેતા નથી.

**જાહેર હિસાબ સમિતિ**

**(સન ૨૦૧૩-૧૪)**

**પ્રમુખશ્રી**

શ્રી બાવકુભાઈ ઉંઘાડ

**સભ્યશ્રીઓ**

શ્રી છબીલભાઈ પટેલ

શ્રી શંકરભાઈ ચૌધરી

શ્રી મણીલાલ વાઘેલા

શ્રીમતી વર્ષાબેન દોશી

શ્રી જશાભાઈ બારડ

શ્રીમતી વિભાવરીબેન દવે

શ્રી આત્મારામ પરમાર

શ્રી દિલીપભાઈ પટેલ

શ્રી જયદ્રથસિંહજી પરમાર

શ્રી ધીરુભાઈ ભીલ

શ્રી મોતીલાલ વસાવા

શ્રી છત્રસિંહજી મોરી

શ્રી દુષ્યંતભાઈ પટેલ

શ્રી ઈશ્વરસિંહજી પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એમ. જે. પરમાર, સંયુક્ત સચિવ

શ્રી એ.બી.કરોવા, ઉપસચિવ

શ્રી ડી.એ.ચૌધરી, શાખા અધિકારી

## અહેવાલ

## પ્રાસ્તાવિક

હું જાહેર હિસાબ સમિતિનો પ્રમુખ, સમિતિનો નીચે મુજબનો અહેવાલ રજૂ કરૂં છું.

**૨.** સમિતિની તા.૦૬/૦૮/૨૦૧૩ થી તા.૨૯/૦૮/૨૦૨૩ દરમિયાન કુલ–૩૨ બેઠકો મળી હતી. આ બેઠકોમાં સમિતિએ રાજય સરકારના સન ૨૦૦૯–૧૦ના વર્ષના વિનિયોગ હિસાબો અને નાણાકીય હિસાબો તથા તે પરના ઓડિટ અહેવાલો સંબંધમાં જુદા જુદા વિભાગોની રૂબરૂ તપાસ હાથ ધરી હતી અને સમિતિની તા.૨૬/૦૨/૨૦૨૪ના રોજ મળેલી બેઠકમાં સમિતિએ અહેવાલને મંજૂરી આપી છે.

**૩.** ગુજરાત સરકારના એકાઉન્ટન્ટ જનરલ (ઓડિટ–૧ અને ૨) તથા નાણા વિભાગના સચિવ ખાસ નિમંત્રણથી સમિતિની ઉપરોકત બેઠકોમાં હાજર રહ્યા હતા.

## સામાન્ય

**૪.** સન ૨૦૦૯–૧૦ના વર્ષના વિનિયોગ હિસાબોમાં મતપાત્ર તથા બિનમતપાત્ર અનુદાનોમાં પરિશિષ્ટ–૧માં જણાવ્યા મુજબ વધારે ખર્ચ થયો હોવાનું બહાર આવ્યું હતું. જેને ભારતના બંધારણની કલમ–૨૦૫ની જોગવાઇ અનુસાર વિધાનસભા દ્વારા વિનિયમિત કરવા સમિતિ ભલામણ કરે છે.

## ૨૦૦૯–૨૦૧૦

## ભાગ–૧ મહેસૂલ મતપાત્ર

**૫.** જુદા જુદા વિભાગોને ફાળવેલ મતપાત્ર અનુદાન કરતા કુલ-૧૦,૦૭૨,૭૫૮,૦૦૦/-નો વધારાનો ખર્ચ થયો હતો. જેમાં કૃષિ અને સહકાર વિભાગ હેઠળ રૂ.૫૨,૩૩,૦૦૦/–, રૂ.૫૨,૨૨,૦૦૦/– અને રૂ.૭,૬૩,૩૩,૦૦૦/–નો, શિક્ષણ વિભાગ હેઠળ રૂ.૩,૧૦,૮૩,૮૦,૦૦૦/– અને રૂ.૬,૬૧,૦૦૦/–નો, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હેઠળ રૂ.૬૮,૨૩,૦૦૦/–નો, નાણા વિભાગ હેઠળ રૂ.૨,૦૦,૦૬,૦૦૦/– અને રૂ.૧,૨૮,૧૪,૭૪,૦૦૦/–નો, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ હેઠળ રૂ.૮૪,૮૪,૦૦૦/– અને ૧,૩૮,૫૪,૦૦૦/–નો, વન અને પર્યાવરણ વિભાગ હેઠળ રૂ.૧,૮૭,૯૯,૦૦૦/–નો, સામાન્ય વહીવટ વિભાગ હેઠળ રૂ.૭૧,૦૦૦/–નો, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ રૂ.૧,૨૪,૦૭,૯૮,૦૦૦/– અને રૂ.૬,૨૮,૦૦૦/–નો, ગૃહ વિભાગ હેઠળ રૂ.૬૮,૧૯,૧૬,૦૦૦/–, રૂ.૭,૯૮,૦૦૦/– અને રૂ.૨,૮૧,૧૭,૦૦૦/–નો, ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળ રૂ.૧,૭૮,૦૩,૦૦૦/–નો, માહિતી અને પ્રસારણ વિભાગ હેઠળ રૂ. ૬,૫૨,૦૦૦/–નો, શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ રૂ.૨૦,૮૩,૦૮,૦૦૦/–નો, કાયદા વિભાગ હેઠળ રૂ.૪,૦૪,૭૦,૦૦૦/–નો, વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ રૂ.૪૧,૪૩,૦૦૦/–નો, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ

રૂ.૨,૧૧,૧૫,૦૦૦/– અને રૂ.૮૨,૬૧,૯૧,૦૦૦/–નો, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ રૂ.૩૦,૪૬,૦૦૦/– અને રૂ.૨,૧૧,૧૬,૪૮,૦૦૦/–નો, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ હેઠળ રૂ.૯,૬૪,૦૦૦/–નો, મહેસૂલ વિભાગ હેઠળ રૂ.૧૬,૪૯,૦૦૦/–નો, માર્ગ અને મકાન વિભાગ હેઠળ રૂ.૨,૬૩,૪૯,૦૦૦/–, રૂ.૨૩,૫૭,૨૭,૦૦૦/–, રૂ.૨,૫૦,૬૭,૦૦૦/– અને રૂ.૧,૬૩,૪૨,૦૦૦/–નો, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ રૂ.૩,૫૨,૦૭,૦૦૦/–નો, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ હેઠળ રૂ.૧,૭૮,૦૦૦/–નો, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હેઠળ રૂ.૯૮,૦૦૦/– અને રૂ.૨,૦૪,૦૦૦/–નો વધારાનો ખર્ચ થયો હતો તેની વિગત નીચે મુજબ છે.

## કૃષિ અને સહકાર વિભાગ

**૬.** અનુદાન ક્રમાંક–૧ (કૃષિ અને સહકાર વિભાગ) અંતગર્ત રૂ.૫૨,૩૩,૦૦૦/–નો વધારાનો ખર્ચ અધિકારીઓ/કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના એરિયર્સના પ્રથમ હપ્તાની ચૂકવણી કરવાને કારણે થયો હતો.

**૭.** અનુદાન ક્રમાંક–૩ (નાની સિંચાઈ ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ) અંતગર્ત રૂ.૫૨,૨૨,૦૦૦/–નો વધારાનો ખર્ચ અધિકારી/કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના એરિયર્સના પ્રથમ હપ્તાની ચૂકવણી કરવાને કારણે થયો હતો.

**૮.** અનુદાન ક્રમાંક–૫ (સહકાર) અંતગર્ત રૂ.૭,૬૩,૩૩,૦૦૦/–નો વધારાનો ખર્ચ રાજય સરકાર દ્વારા છઠ્ઠા પગાર પંચની ભલામણોનો સ્વીકાર કરતા અધિકારી/કર્મચારીઓના પગાર અને ભથ્થામાં વધારો થવાને કારણે થયો હતો.

## શિક્ષણ વિભાગ

**૯.** અનુદાન ક્રમાંક–૯ (શિક્ષણ વિભાગ) અંતગર્ત રૂ.૩,૧૦,૮૩,૮૦,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચની ભલામણોના અમલને કારણે પગાર અને ભથ્થામાં થયેલ વધારાને કારણે થયો હતો.

**૧૦.** અનુદાન ક્રમાંક –૧૦ (શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ) અંતગર્ત રૂ.૬,૬૧,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલથી પગાર અને ભથ્થામાં થયેલા વધારા તથા પગાર સુધારણાના તફાવતના પ્રથમ હપ્તાની ચૂકવણીને કારણે થયો હતો.

## ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

**૧૧.** અનુદાન ક્રમાંક–૧૨ (કર વસૂલાત ખર્ચ – ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ) અંતગર્ત રૂ.૬૮,૨૩,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલથી પગાર અને ભથ્થામાં થયેલા વધારા તથા પગાર સુધારણાના તફાવતના પ્રથમ હપ્તાની ચૂકવણીને કારણે થયો હતો.

## નાણા વિભાગ

**૧૨.** અનુદાન ક્રમાંક–૧૭ (તિજોરી અને હિસાબ વહીવટ) અંતગર્ત રૂ.૨,૦૦,૦૬,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલથી પગાર અને ભથ્થામાં થયેલ વધારા તથા પગાર સુધારણાના તફાવતના પ્રથમ હપ્તાની ચૂકવણીને કારણે થયો હતો.

**૧૩.** અનુદાન ક્રમાંક–૧૮ (પેન્શન અને અન્ય નિવૃતિ લાભ) અંતગર્ત રૂ.૧,૨૮,૧૪,૭૪,૦૦૦/–નો વધારાનો ખર્ચ તા.૦૧/૦૧/૨૦૦૬ થી તા.૩૧/૦૩/૨૦૦૯ દરમ્યાન નિવૃત્ત થયેલ અધિકારી/કર્મચારી કે જેમનું મૂળ પેન્શન પાંચમા પગારપંચ મુજબ અધિકૃત થયેલ તેવા કેસમાં છઠ્ઠા પગાર પંચની પગાર બાંધણી બાદ ઓનલાઇન રીવીઝનની કામગીરી હાથ ધરવાને કારણે થયો હતો.

## અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

**૧૪.** અનુદાન ક્રમાંક–૨૧ (અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગ) અંતગર્ત રૂ.૮૪,૮૪,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલીકરણથી પગાર અને ભથ્થામાં થયેલ વધારાને કારણે થયો હતો.

**૧૫**. અનુદાન ક્રમાંક–૨૩ (અન્ન) અંતગર્ત રૂ.૧,૩૮,૫૪,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલીકરણથી ૨૫ જિલ્લા કચેરીઓના કર્મચારીઓના પગાર અને ભથ્થામાં વધારો થવાને કારણે થયો હતો.

## વન અને પર્યાવરણ વિભાગ

**૧૬.** અનુદાન ક્રમાંક–૨૬ (વન) અંતગર્ત રૂ.૧,૮૭,૯૯,૦૦૦/–નો વધારાનો ખર્ચ મુખ્યત્વે છઠ્ઠા પગાર પંચ મુજબનું નવુ પગાર ધોરણ અમલમાં આવતા કમીટેડ મહેકમના પગાર અને અન્ય ભથ્થાઓમાં વધારો થવાને લીધે થયો હતો.

## સામાન્ય વહીવટ વિભાગ

**૧૭.** અનુદાન ક્રમાંક–૩૨ (જાહેર સેવા આયોગ) અંતગર્ત રૂ.૭૧,૦૦૦/–નો વધારાનો ખર્ચ બિલ રજીસ્ટરમાં બીલોની રકમ નોંધવામાં ભૂલ સર્જાવાને કારણે થયો હતો.

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**૧૮.** અનુદાન ક્રમાંક–૩૯ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ) અંતગર્ત રૂ.૧,૨૪,૦૭,૯૮,૦૦૦/–નો વધારાનો ખર્ચ રાજ્ય સરકારે છઠ્ઠા પગાર પંચનો અમલ કરવાનું નક્કી કરવાને કારણે થયો હતો.

**૧૯.** અનુદાન ક્રમાંક–૪૧ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ) અંતગર્ત રૂ.૬,૨૮,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલથી કર્મચારીઓના પગાર અને ભથ્થામાં વધારો થવાને કારણે થયો હતો.

## ગૃહ વિભાગ

**૨૦.** અનુદાન ક્રમાંક–૪૩ (પોલીસ) અંતગર્ત રૂ.૬૮,૧૯,૧૬,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલીકરણને કારણે પગાર અને ભથ્થાઓમાં વધારો તેમજ ૨૦% તફાવતની રકમની ચૂકવણીને કારણે થયો હતો.

**૨૧.** અનુદાન ક્રમાંક–૪૫ (રાજ્ય આબકારી) અંતગર્ત રૂ.૭,૯૮,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલીકરણને કારણે પગાર અને ભથ્થાઓમાં વધારો તેમજ ૨૦% તફાવતની રકમની ચૂકવણીને કારણે થયો હતો.

**૨૨.** અનુદાન ક્રમાંક–૪૬ (ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ) અંતગર્ત રૂ.૨,૮૧,૧૭,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલીકરણને કારણે પગાર અને ભથ્થામાં વધારો થતા તથા વર્ષ ૨૦૦૯ની લોકસભાની ચૂંટણીમાં ગ્રામ રક્ષક દળના સભ્યોના ઉપયોગ કરવાને કારણે થયો હતો.

## ઉદ્યોગ અને ખાણ વિભાગ

**૨૩.** અનુદાન ક્રમાંક –૪૮ (લેખન સામગ્રી અને મુદ્રણ) અંતગર્ત રૂ.૧,૭૮,૦૩,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના તફાવતના પ્રથમ હપ્તાની ચૂકવણી અને પગાર અને ભથ્થામાં થયેલ વધારાને કારણે થયો હતો.

## માહિતી અને પ્રસારણ વિભાગ

**૨૪.** અનુદાન ક્રમાંક–૫૫ (માહિતી અને પ્રસારણ વિભાગને લગતું અન્ય ખર્ચ) અંતગર્ત રૂ.૬,૫૨,૦૦૦/–નો વધારાનો ખર્ચ ગ્રાંટ ઉપલબ્ધ ન હોવા છતાં છઠ્ઠા પગાર પંચના અમલથી પગાર અને ભથ્થામાં થયેલ વધારા, પગાર સુધારણાના તફાવતના પ્રથમ હપ્તાની વિભાગ હસ્તકના વડોદરા, રાજકોટ અને નડીયાદ જિલ્લાઓમાં ચૂકવણી કરવાને કારણે થયો હતો.

## શ્રમ અને રોજગાર વિભાગ

**૨૫.** અનુદાન ક્રમાંક–૫૭ (શ્રમ અને રોજગાર) અંતગર્ત રૂ.૨૦,૮૩,૦૮,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલીકરણથી પગાર અને ભથ્થામાં થયેલ વધારાને કારણે થયો હતો.

## કાયદા વિભાગ

**૨૬.** અનુદાન ક્રમાંક–૬૧ (કાયદા વિભાગને લગતું અન્ય ખર્ચ) અંતગર્ત રૂ.૪,૦૪,૭૦,૦૦૦/–નો વધારાનો ખર્ચ શેટ્ટી પગાર પંચ અને છઠ્ઠા પગાર પંચના લાભો ન્યાયતંત્રના અધિકારીઓ/કર્મચારીઓને આપવાને કારણે થયો હતો.

## વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

**૨૭.** અનુદાન ક્રમાંક–૬૨ (વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ) અંતગર્ત રૂ.૪૧,૪૩,૦૦૦/–નો વધારાનો ખર્ચ મુખ્ય દંડકશ્રીના કાર્યાલયના સ્ટાફમાં થયેલ વધારાને કારણે તથા છઠ્ઠા પગાર પંચના અમલીકરણને કારણે પગાર અને ભથ્થામાં વધારો થવાને કારણે થયો હતો.

## નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

**૨૮.** અનુદાન ક્રમાંક–૬૪ (નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ) અંતગર્ત રૂ.૨,૧૧,૧૫,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલથી પગાર અને ભથ્થામાં થયેલ વધારા તથા પગાર સુધારણાના તફાવતના પ્રથમ હપ્તાની ચૂકવણી તથા નિવૃત્તિ વિષયક લાભોની કર્મચારીઓને કરેલ ચૂકવણીને કારણે થયો હતો.

**૨૯.** અનુદાન ક્રમાંક–૬૬ (સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ) અંતગર્ત રૂ.૮૨,૬૧,૯૧,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલથી પગાર અને ભથ્થામાં થયેલ વધારા તથા પગાર સુધારણાના તફાવતના પ્રથમ હપ્તાની ચૂકવણી તથા નિવૃત્તિ વિષયક લાભોની કર્મચારીઓને કરેલ ચૂકવણીને કારણે થયો હતો.

## પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

**૩૦.** અનુદાન ક્રમાંક–૬૯ (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ) અંતગર્ત રૂ.૩૦,૪૬,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલથી પગાર અને ભથ્થામાં થયેલ વધારા તથા પગાર સુધારણાના તફાવતના પ્રથમ હપ્તાની ચૂકવણીને કારણે થયો હતો.

**૩૧.** અનુદાન ક્રમાંક–૭૩ (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ) અંતગર્ત રૂ.૨,૧૧,૧૬,૪૮,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલીકરણથી પગાર અને ભથ્થામાં થયેલ વધારાને કારણે થયો હતો.

## બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

**૩૨.** અનુદાન ક્રમાંક–૭૫ (બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચ ) અંતગર્ત રૂ.૯,૬૪,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચની ભલામણોના અમલને કારણે અધિકારી/કર્મચારીઓના પગાર અને ભથ્થામાં વધારો થવાને કારણે થયો હતો.

## મહેસૂલ વિભાગ

**૩૩.** અનુદાન ક્રમાંક–૮૦ (ડાંગ જિલ્લો) અંતગર્ત રૂ.૧૬,૪૯,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલથી પગાર અને ભથ્થામાં થયેલ વધારા તથા પગાર સુધારણાના તફાવતના પ્રથમ હપ્તાની ચૂકવણીને કારણે થયો હતો.

## માર્ગ અને મકાન વિભાગ

**૩૪.** અનુદાન ક્રમાંક–૮૪ (બિન રહેણાંકના મકાનો) અંતગર્ત રૂ.૨,૬૩,૪૯,૦૦૦/–નો વધારાનો ખર્ચ નાણા વિભાગના તા.૨૩/૦૩/૨૦૧૦ના પરિપત્ર નં. પીક્યુઆર–૧૦૨૦૧૦૧–૧૮–પગાર સેલ (એમ) મુજબ ૨૦૦૯–૧૦ના વર્ષમાં સરકારી કર્મચારીઓને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાની બાકી રકમનો પ્રથમ હપ્તો ચૂકવવાને કારણે થયો હતો.

**૩૫.** અનુદાન ક્રમાંક–૮૬ (માર્ગ અને પુલ) અંતગર્ત રૂ.૨૩,૫૭,૨૭,૦૦૦/–નો વધારાનો ખર્ચ આ સદર હેઠળ ખોટા વર્ગીકરણને કારણે થયો હતો.

**૩૬.** અનુદાન ક્રમાંક–૮૭ (ગુજરાત પાટનગર બાંધકામ યોજના) અંતગર્ત રૂ.૨,૫૦,૬૭,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલથી પગાર અને ભથ્થામાં થયેલ વધારા તથા પગાર સુધારણાના તફાવતના પ્રથમ હપ્તાની ચૂકવણીને કારણે થયો હતો.

**૩૭.** અનુદાન ક્રમાંક–૮૮ (માર્ગ અને મકાન વિભાગને લગતું અન્ય ખર્ચ) અંતગર્ત રૂ.૧,૬૩,૪૨,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલથી પગાર અને ભથ્થામાં થયેલ વધારા તથા પગાર સુધારણાના તફાવતના પ્રથમ હપ્તાની ચૂકવણીને કારણે થયો હતો.

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**૩૮.** અનુદાન ક્રમાંક–૯૬ (આદિજાતિ વિસ્તાર પેટા યોજના) અંતગર્ત રૂ.૩,૫૨,૦૭,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલથી પગાર અને ભથ્થામાં થયેલ વધારા તથા પગાર સુધારણાના તફાવતના પ્રથમ હપ્તાની ચૂકવણીને કારણે થયો હતો.

## રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ

**૩૯.** અનુદાન ક્રમાંક–૯૭ (રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ) અંતગર્ત રૂ.૧,૭૮,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલથી પગાર અને ભથ્થામાં થયેલ વધારા તથા પગાર સુધારણાના તફાવતના પ્રથમ હપ્તાની ચૂકવણીને કારણે થયો હતો.

## શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

**૪૦.** અનુદાન ક્રમાંક–૧૦૧ (શહેરી આવાસન) અંતગર્ત રૂ.૯૮,૦૦૦/–નો વધારાનો ખર્ચ મહાનગરપાલિકાના અંગત ખાતાવહીના હિસાબોની સિલકમાં વધારો થવાને કારણે થયો હતો.

**૪૧.** અનુદાન ક્રમાંક–૧૦૨ (શહેરી વિકાસ) અંતગર્ત રૂ.૨,૦૪,૦૦૦/–નો વધારાનો ખર્ચ માર્ચ–૨૦૧૦માં મંજૂર થયેલ આકસ્મિક નિધિને કારણે થયો હતો.

## ભાગ–૨

## મહેસૂલ બિન મતપાત્ર

**૪૨.** મહેસૂલ બિન મતપાત્ર અનુદાનોમાં નાણા વિભાગ હેઠળ રૂ. ૨૭,૦૬૦,૦૦૦/–, સામાન્ય વહીવટ વિભાગ હેઠળ રૂ.૧૦૦૦/–, ગૃહ વિભાગ હેઠળ રૂ.૧,૫૪,૦૦૦/– નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ હેઠળ રૂ.૧૩,૫૮,૦૦૦/–અને માર્ગ અને મકાન વિભાગ હેઠળ રૂ.૩,૬૧,૦૦૦/– એમ મળીને કુલ રૂ. ૨૮,૯૩૪,૦૦૦/–નો વધારાનો ખર્ચ થયો હતો.જેની વિગત નીચે પ્રમાણે છે.

## નાણા વિભાગ

**૪૩.** અનુદાન ક્રમાંક–૨૦ (નાણા અને તેની સેવાને લગતા દેવાની ચૂકવણી) અંતગર્ત રૂ.૨૭,૦૬૦,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગારપંચ મુજબ પગારધોરણ આપવાથી 'રીવીઝન ઓફ પે'ના કારણે કર્મચારીઓના ઉંચા પગાર ધોરણના કારણોસર બચત ફાળાની વધુ રકમ જમા થવાથી તેમજ પગારના તફાવતની રકમ પણ સામાન્ય ભવિષ્યનિધિમાં જમા થવાના કારણે વ્યાજનો વધારાનો ખર્ચ આવવાના કારણે થયો હતો.

## સામાન્ય વહીવટ વિભાગ

**૪૪.** અનુદાન ક્રમાંક –૩૨ (જાહેર સેવા આયોગ ) અંતગર્ત રૂ.૧૦૦૦/–નો વધારાનો ખર્ચ GIL મારફત એક એલ.સી.ડી.પ્રોજેકટર ખરીદ કરતા તેના બીલની ચૂકવણીને કારણે થયો હતો.

## ગૃહ વિભાગ

**૪૫.** અનુદાન ક્રમાંક–૪૩ (પોલીસ) અંતગર્ત રૂ.૧,૫૪,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલથી પગાર અને ભથ્થામાં થયેલા વધારા તથા પગાર સુધારણાના તફાવતના પ્રથમ હપ્તાની ચૂકવણીને કારણે થયો હતો.

## નર્મદા, જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

**૪૬.** અનુદાન ક્રમાંક–૬૮ (નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને લગતું અન્ય ખર્ચ) અંતગર્ત રૂ.૧૩,૫૮,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલથી પગાર અને ભથ્થામાં થયેલ વધારા તથા પગાર સુધારણાના તફાવતના પ્રથમ હપ્તાની ચૂકવણી તથા નિવૃત્તિ વિષયક લાભોની કર્મચારીઓને કરેલ ચૂકવણીને કારણે થયો હતો.

## માર્ગ અને મકાન વિભાગ

**૪૭.** અનુદાન ક્રમાંક–૮૪ (બિન રહેણાંકના મકાનો) અંતગર્ત રૂ.૩,૬૧,૦૦૦/–નો વધારાનો ખર્ચ નાણા વિભાગના તા.૨૩/૦૩/૨૦૧૦ના પરિપત્ર નં. પીક્યુઆર–૧૦૨૦૧૦૧–૧૮–પગાર સેલ (એમ) મુજબ ૨૦૦૯–૧૦ના વર્ષમાં સરકારી કર્મચારીઓને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાની બાકી રકમનો પ્રથમ હપ્તો ચૂકવવાને કારણે થયો હતો.

## ભાગ–૩

## મૂડી મતપાત્ર

**૪૮.** મૂડી મતપાત્ર હેઠળ જુદા જુદા વિભાગોને ફાળવેલ અનુદાન કરતા કુલ રૂ. ૬,૪૦૮,૦૦૦/–નો વધારાનો ખર્ચ થયો હતો. જેમાં નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ રૂ.૫,૮૭,૦૦૦/– અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ રૂ.૫૮,૨૧,૦૦૦/–નો વધારાનો ખર્ચ થયો હતો. જેની માહિતી નીચે મુજબ છે.

## નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

**૪૯.** અનુદાન ક્રમાંક–૬૫ (નર્મદા વિકાસ યોજના) અંતગર્ત રૂ.૫,૮૭,૦૦૦/–નો વધારાનો ખર્ચ છટ્ઠા પગાર પંચના અમલથી પગાર અને ભથ્થામાં થયેલા વધારા તથા પગાર સુધારણાના તફાવતના પ્રથમ હપ્તાની ચૂકવણીને કારણે થયો હતો.

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**૫૦.** અનુદાન ક્રમાંક–૯૩ (અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ) અંતગર્ત રૂ.૫૮,૨૧,૦૦૦/–નો વધારાનો ખર્ચ છટ્ઠા પગાર પંચના અમલથી પગાર અને ભથ્થામાં થયેલા વધારા તથા પગાર સુધારણાના તફાવતના પ્રથમ હપ્તાની ચૂકવણીને કારણે થયો હતો.

## ભાગ–૪

## મૂડી બિન મતપાત્ર

**૫૧.** મૂડી બિન મતપાત્ર હેઠળ જુદા જુદા વિભાગોને ફાળવેલ અનુદાન કરતા કુલ રૂ. ૪,૭૬,૦૦૦/–નો વધારાનો ખર્ચ થયો હતો. જેમાં મહેસૂલ વિભાગ હેઠળ રૂ.૩,૦૧,૦૦૦/–નો અને માર્ગ અને મકાન વિભાગ હેઠળ રૂ.૧,૭૫,૦૦૦/–નો વધારાનો ખર્ચ થયો હતો જેની માહિતી નીચે મુજબ છે.

## મહેસૂલ વિભાગ

**૫૨.** અનુદાન ક્રમાંક–૮૧ (વળતર અને સોંપણી) અંતગર્ત રૂ.૩,૦૧,૦૦૦/–નો વધારાનો ખર્ચ છટ્ઠા પગાર પંચના અમલથી પગાર અને ભથ્થામાં થયેલા વધારા તથા પગાર સુધારણાના તફાવતના પ્રથમ હપ્તાની ચૂકવણીને કારણે થયો હતો.

## માર્ગ અને મકાન વિભાગ

**૫૩.** અનુદાન ક્રમાંક–૮૬ (માર્ગ અને પુલ) અંતગર્ત રૂ.૧,૭૫,૦૦૦/–નો વધારાનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના અમલથી પગાર અને ભથ્થામાં થયેલા વધારા તથા પગાર સુધારણાના તફાવતના પ્રથમ હપ્તાની ચૂકવણીને કારણે થયો હતો.

## ઑડિટ અહેવાલ
## (મુલ્કી)

## જળસંપત્તિ પ્રભાગ

**૫૪.** સન ૨૦૦૯–૧૦ના વર્ષના સી.એ.જી.ના ઓડિટ અહેવાલ (મુલ્કી)ના પ્રકરણ–૧ ના ફકરા નં–૧.૧–ક્ષાર પ્રવેશ નિયંત્રણ કાર્યક્રમ–કે જેનું અમલીકરણ જળસંપત્તિ પ્રભાગ કરે છે તેની કામગીરીનું ઓડિટ સી.એ.જી. દ્વારા કરવામાં આવ્યું છે. ગુજરાત સરકારે વર્ષ ૧૯૭૬ અને ૧૯૭૮માં ક્ષાર પ્રવેશના નિયંત્રણ માટેના ઉપાયો સૂચવવા તેમજ દરિયાના ખારા પાણીથી ભૂગર્ભ જળ તથા જમીન વગેરેને થયેલ નુકશાનને ભરપાઇ કરવા અંગેના સૂચનો કરવા ઉચ્ચ સ્તરીય સમિતિ (HLC)ની રચના કરી હતી. સી.એ.જી.એ આ પ્રકરણમાં ઉચ્ચ સ્તરીય સમિતિએ પોતાના અહેવાલોમાં કરેલ ભલામણો પરત્વે જળસંપત્તિ પ્રભાગ દ્વારા થયેલ સમગ્ર કામગીરીનું ઓડિટ કર્યુ છે જે માટે સી.એ.જી.એ આ સુધારણા કાર્યક્રમના અમલ સાથે સંકળાયેલ પ્રભાગ, બે વર્તુળ કચેરી અને આઠ વિભાગીય કચેરીઓના વર્ષ ૨૦૦૫–૧૦ના સમયગાળાના દફતરની ચકાસણી કરી હતી. જે અંગેના સી.એ.જી.ના નિરીક્ષણો ફકરાવાર રીતે આપ્યા છે.

**૫૫. ફકરા ક્રમાંક–૧.૧.૯.૬ જમીન સંપાદન ન થવાને કારણે થયેલ વ્યર્થ ખર્ચ**

આ ફકરામાં સી.એ.જી.એ કરેલા નિરીક્ષણ પ્રમાણે સરકારના તા.૭ જુન, ૧૯૯૬ અને ગુજરાત જાહેર બાંધકામ નિયામવલી (ભાગ–૧)ના ફકરા–૨૩૨ મુજબ પ્રભાગે વીરા, હડીયાણા અને લાખાપર બંધારાના બાંધકામમાં જરૂરી જમીન સંપાદન પહેલા જ અને જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થઇ જશે તેવી અપેક્ષાએ કામ શરૂ કરવાના હુકમો આપી દીધા હતા તથા પાછળથી જરૂરી જમીનનું સંપાદન ન થવાથી કામો પૂર્ણ ન થઇ શકયા તેના પરિણામે આ બાંધકામ પાછળ થયેલ ખર્ચ વ્યર્થ ગયુ હતું.

તા.૧૫ જુલાઇ, ૨૦૧૪ના રોજ સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં જળસંપત્તિ પ્રભાગે હડિયાણા બંધારાનું બાંધકામ તા.૭ જુલાઇ, ૨૦૧૧ના રોજ પૂર્ણ થયેલ છે તેમ જણાવ્યું હતું તેમજ બાકીના બે બંધારાઓના બાંધકામની અદ્યતન સ્થિતિ પણ દર્શાવી હતી.

આ ફકરાની તપાસ માટે મળેલ સમિતિની તા.૧૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજની બેઠકમાં રૂબરૂ ઉપસ્થિત રહેલ પ્રભાગના પ્રતિનિધિએ વીરા બંધારાના બાંધકામ બાબતે સમિતિને અદ્યતન માહિતી આપી હતી. રાજ્ય સરકાર દ્વારા જમીન સંપાદન અંગે જે કોઇ નિયમો/પરિપત્રો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે તેની જોગવાઇઓને ધ્યાને રાખી પ્રભાગો/વિભાગોએ કામ કરવું જોઇએ તેવું સમિતિનું મંતવ્ય છે. તેમજ જળસંપત્તિ પ્રભાગને નિયમો અનુસારની પદ્ધતિ અનુસરવા

જણાવતાની સાથે **સમિતિ ભવિષ્યમાં આ પ્રકારના બાંધકામો જમીન સંપાદન પૂર્ણ કર્યા સિવાય ન કરવા ભલામણ કરે છે.**

**૫૬. ફકરા ક્રમાંક–૧.૧.૧૧.૩ જન આરોગ્ય પર ખારાશની અસર**

આ ફકરામાં સી.એ.જી.એ અમરેલી, જામનગર અને કચ્છ જિલ્લાના દરિયાકાંઠાના વસાહતીઓ કે જેમને સામાન્ય રીતે પેયજળ ઉપલબ્ધ ન હોવાને કારણે તેઓ જે ભાંભરૂ/ખારુ પાણી પીવે છે અને જેના પરિણામે તેમના સ્વાસ્થ્ય ઉપર જે અસરો થાય છે તેની આંકડાઓ સહિત નોંધ લીધી છે. ઉકત જણાવેલ જિલ્લાઓના ગામડાઓમાં ફલોરોસીસના રોગના કિસ્સાઓ વધુ હતા તેવું પણ સી.એ.જી.એ નોંધ્યુ છે.

પ્રભાગે સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં આ ફકરાની માત્ર નોંધ લઇ વિસ્તૃત ખુલાસા કરેલ નથી.

આ ફકરાની તપાસ માટે મળેલ તા.૧૩મી ડિસેમ્બર, ૨૦૨૩ના રોજની બેઠકમાં સમિતિએ ભાંભરૂ/ખારું પાણી પીવાથી લોકોના આરોગ્ય પર અસર થાય છે તે વિશે ઊંડાણપૂર્વક ચર્ચા હાથ ધરી હતી જેમાં આ વિસ્તારોમાં અસ્થમા, કીડની તથા આંખના રોગોનું પ્રમાણ વધ્યું છે તે બાબત સમિતિ સમક્ષ ઉપસ્થિત થઇ હતી. **જળસંપત્તિ પ્રભાગ દ્વારા આ ક્ષેત્રે હજુ વધુ કામગીરી થાય તે માટે આરોગ્યના વિષયને ધ્યાનમાં રાખીને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સાથે સંકલન કરી આ દરિયાકાંઠાના ખારાશ પ્રભાવિત વિસ્તારોના લોકો માટે યોગ્ય વ્યવસ્થાઓ કરવા અને આરોગ્યને લગતા પ્રોજેકટ હાથ ધરવા સમિતિ ભલામણ કરે છે.**

**૫૭. ફકરા ક્રમાંક–૧.૧.૧૩ ઉચ્ચસ્તરીય સમીક્ષા અને દેખરેખ સમિતિ**

ઉચ્ચસ્તરીય સમિતિએ ક્ષાર પ્રવેશ નિયંત્રણ કાર્યક્રમની મહત્વની યોજનાઓ ઉપર દેખરેખ રાખવા કૃષિ, વન, જમીન સંરક્ષણ, ભૂગર્ભજળ, જાહેર આરોગ્ય, આયોજન અને નાણા ક્ષેત્રના તજજ્ઞોની સમિતિ કે જેના વડા એક અથવા બે અધિક્ષક ઇજનેર હોય તેની રચના કરવાની ભલામણ કરી હતી. પરંતુ ઓડિટ સમયે સી.એ.જી.ને જળસંપત્તિ પ્રભાગ દ્વારા આવી કોઇ સમિતિની રચના થઇ હોય તેવુ ધ્યાને આવ્યું ન હતું. જે અંગે સી.એ.જી આ ફકરામાં પોતાનું નિરીક્ષણ રજૂ કર્યુ છે.

સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં પ્રભાગે ક્ષાર પ્રવેશ નિયંત્રણના બારમા નાણા પંચના તથા નાબાર્ડના કામોનું મુલ્યાંકન ઉચ્ચકક્ષા સમિતિ દ્વારા હાથ ધરવામાં આવી રહ્યું છે તેમ જણાવ્યું હતું.

આ ફકરાની તપાસ માટે મળેલ સમિતિની બેઠકમાં સમિતિ દ્વારા ક્ષાર પ્રવેશ નિયંત્રણ કાર્યક્રમની યોજનાઓની દેખરેખ માટે સમિતિની રચના અંગે પૃચ્છા કરતાં પ્રભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે, નાબાર્ડ અને બારમા નાણાપંચના કામોના રિવ્યું રાજયના મુખ્ય સચિવશ્રી કક્ષાએ થતા હતા તેમજ પ્રભાગ દ્વારા વર્ષ ૨૦૦૪માં "કોસ્ટલ સેલિનીટી પ્રિવેન્શન સેલ"ની રચના કરીને સાથોસાથ સ્ટિયરીંગ કમીટી પણ બનાવીને ક્ષાર પ્રવેશ નિયંત્રણ કાર્યક્રમની

વિવિધ યોજનાઓ ઉપર દેખરેખ મૂલ્યાંકન કરવામાં આવતું હતું. આ તપાસ આગળ ધપાવતા સમિતિએ પ્રભાગને સમિતિની બેઠક નિયમિત મળે છે તે અંગે પૃચ્છા કરતાં પ્રભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યુ હતું કે, આ સમિતિની બેઠક યોજવામાં એક વર્ષ જેવો સમય થઇ જાય છે. યોજનાઓ પર દેખરેખ માટેની સમિતિની બેઠકોની અનિયમિતતાની નોંધ લઇ **સમિતિ ભલામણ કરે છે કે, ક્ષાર પ્રવેશ નિયંત્રણ કાર્યક્રમની યોજનાઓના મૂલ્યાંકન–દેખરેખ માટેની જે કોઇ સમિતિ હોય તેની બેઠક અચૂક રીતે નિયમિત યોજવામાં આવે. આ બેઠકોમાં મુખ્ય સચિવ કક્ષાએ પણ જો બેઠક યોજવાની હોય તો તેમણે પણ આ બેઠકોને પ્રધાન્ય આપતા આ બેઠકોમાં હાજરી આપવી.**

વધુમાં, ગુજરાત રાજય દેશમાં સૌથી લાંબો દરિયા કિનારો ધરાવે છે. જેથી રાજયની જમીનમાં ક્ષાર પ્રવેશની સમસ્યા પણ વધુ છે. આ ઉપરાંત જળવાયુ પરિવર્તન (કલાઇમેટ ચેઇન્જ)ના કારણે પણ નવી સમસ્યાઓ આપણી સામે ઉપસ્થિત થઇ રહી છે. ત્યારે **આ સમસ્યાઓના અભ્યાસ અને તેના નિવારણ–નિયંત્રણ માટે થઇને સમિતિ ક્ષાર પ્રવેશ નિયંત્રણ કાર્યક્રમને વધુ આગળ લઇ જવા રાજયના મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય સમિતિ–૩ની રચના કરવા ભલામણ કરે છે.**

વધુમાં, આ બેઠકમાં જળસંપત્તિ પ્રભાગ દ્વારા અમલીકૃત **'ક્ષાર પ્રવેશ નિયંત્રણ કાર્યક્રમ'**ને સંબંધિત વિવિધ ફકરાઓમાં સી.એ.જી.એ જે વાંધાઓ રજુ કર્યા છે તેની પૂર્તતા બેઠકમાં રૂબરૂ હાજર રહેલ પ્રભાગના પ્રતિનિધિઓએ કરી હતી. જેના પર **સમિતિ ઊંડાણપૂર્વક ચર્ચા કરીને આ કાર્યક્રમના સમગ્ર પાસાંઓની તપાસ હાથ ધરતાં આ કાર્યક્રમ વધુ અસરકારક બને તે માટે નીચે મુજબની ભલામણો કરે છે.**

**(૧) આદ્રીથી માધવપુર કેનાલના મીસીંગ લિંકના કામો તાકીદે પૂર્ણ કરવામાં આવે.**

**(૨) મીસીંગ લીંકના કામોમાં જયાં પણ જમીન સંપાદનના લીધે પ્રોજેકટ વિલંબમાં જતો લાગે ત્યાં મહેસૂલ વિભાગ સાથે સંકલન કરીને જમીન સંપાદનની કામગીરી સમયસર પૂર્ણ કરવામાં આવે.**

**(૩) ઉચ્ચ સ્તરીય સમિતિએ દરિયા કિનારાની જમીન ઉપર વૃક્ષો ઉછેરવા અંગે ભલામણો કરી છે જેમાં પૂરતું કામ થયેલ નથી તો દરિયા કિનારાના કયા વિસ્તારોમાં કયા પ્રકારના વૃક્ષો ઉછેરવા તથા કઇ પ્રકારની અન્ય વ્યવસ્થા કરવી તે માટે પ્રભાગે સમિતિની રચના કરવી અને આ ક્ષેત્રમાં વધું કામ કરવું.**

**(૪) ક્ષાર પ્રવેશથી કૃષિ, પશુપાલન અને પર્યાવરણ પર થતી અસરો સંદર્ભે આ વિષયો સાથે સંકળાયેલા વિભાગ/પ્રભાગ સાથે સંકલન કરીને આ વિસ્તારોમાં યોગ્ય વ્યવસ્થાઓ કરવી તેમજ પ્રોજેકટસ હાથ ધરવામાં આવે.**

## શિક્ષણ વિભાગ

## તથા

## શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

### ૫૮. ફકરા ક્રમાંક –૨.૫.૧ શ્રમયોગી કલ્યાણવેરાની વસુલાત ન થઇ

કેન્દ્ર સરકારની સુચના અનુસાર શ્રમિકોની સામાજિક સુરક્ષા માટે રાજ્ય સરકારે ડીસેમ્બર–૨૦૦૪માં ગુજરાત મકાન અને અન્ય બાંધકામના શ્રમયોગી કલ્યાણ બોર્ડની સ્થાપના કરી છે. ભારત સરકારના "મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ વેરા અધિનિયમ,૧૯૯૬"ની કલમ–૩માં નોકરીદાતા પાસેથી બાંધકામની કિંમતના ૧ ટકા કરતા ઓછા નહિ તેવા દરે શ્રમયોગી કલ્યાણ વેરો ઉઘરાવવાની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્ય સરકારે જાન્યુઆરી–૨૦૦૫માં પોતાના તમામ વિભાગો, જાહેર સાહસો અને સ્થાનિક સતા મંડળો માટે વેરા અધિનિયમ–૧૯૯૬ મુજબ વેરો ઉઘરાવવાનું તથા વેરો ભરવાનું અનિવાર્યપણે આવશ્યક બનાવ્યું છે. જુન–૨૦૦૬માં શ્રમ અને રોજગાર વિભાગે કેન્દ્રીય વેરા અધિનિયમની જોગવાઈઓને અવગણી જે તે વખતના બાંધકામની માલ સામગ્રીના દરો ને ધ્યાનમાં લઈ ને બાંધકામની દર ચોરસ મીટરે રૂ. ૩૦૦૦/–ની કિંમત નક્કી કરી છે. સી.એ.જી. દ્વારા નવે–ડીસે–૨૦૦૯માં શિક્ષણ વિભાગ હેઠળના સ્ટેટ પ્રોજેક્ટ અધિકારી (SPO), સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગરના દફતરની ચકાસણી કરતા તેમના ધ્યાને આવ્યું હતું કે, રાજ્ય સરકારના આદેશોને અનુસંધાને એપ્રિલ–૨૦૦૭ થી માર્ચ–૨૦૦૯ના સમયગાળા દરમિયાન આપવામાં આવેલ બાંધકામના ૧૮૬ કામોમાં દર ચો.મી. રૂ.૩૦૦૦/–ના દરે બાંધકામની કીમત દરે વેરો ઉઘરાવવામાં આવ્યો હતો. આમ, કેન્દ્રીય વેરા અધિનિયમના કલમ–૩ મુજબ વિભાગના વિવિધ કામોની બાંધકામની કિંમત રૂ. ૮૪/– કરોડ ધારવામાં આવેલ, જેની સામે ખરેખર બાંધકામની કિંમત રૂ. ૧૭૧.૮૦ કરોડની થયેલી હતી. આમ, બાંધકામની કિંમતના દરે જે વેરો વસૂલવાનો થતો હતો તેની સામે રૂ.૮૭.૩૨/– લાખ જેટલી રકમની ઓછી વસુલાત થઇ હતી તેમ સી.એ.જી. એ આ ફકરામાં નિરીક્ષણ કર્યું છે.

આ ફકરા સાથે સંકળાયેલા બંને વિભાગોએ પોતાના લેખિત ખુલાસાઓ સમિતિને અલગ અલગ રીતે મોકલાવેલ હતા અને સમિતિએ પણ તેની અલગ અલગ તારીખો એ રૂબરૂ તપાસ હાથ ધરી હતી.

તા.૨૧ મે, ૨૦૨૧ના રોજ સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં શિક્ષણ વિભાગે શ્રમ અને રોજગાર વિભાગના તા.૦૨–૦૬–૨૦૦૬ના ઠરાવ ક્રમાંક :– સીડબલ્યુએ–૨૦૦૪–૮૪૧–એમ(૩)ના પૃષ્ઠ–૧૦૩ મુજબ સુપર બિલ્ટ અપ વિસ્તારના પ્રતિ ચો.મીટર દીઠ રૂ.૩૦(ત્રીસ) મુજબ જે શ્રમયોગી કલ્યાણ વેરાની વસુલાતનો નિર્દેશ કરવામાં આવેલ હતો તે મુજબ વિભાગ દ્વારા વસુલાત કરવામાં આવી છે તેમ જણાવ્યું હતું.

તા.૧૨ મે, ૨૦૧૬ના રોજ સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં શ્રમ અને રોજગાર વિભાગે પોતાના તા.૦૨/૦૬/૨૦૦૬ના ઠરાવ સંદર્ભે જણાવ્યું હતું કે, બાંધકામમાં વપરાશમાં

લેવાના લોખંડ, સિમેન્ટ, ઇંટ, કપચી, લાકડું વગેરેની બજાર કિમતને લક્ષમાં લેતા ચો.મી. દીઠ રૂ.૩૦/– લેખે સુપર બિલ્ટ અપ એરિયા મુજબ સેસની રકમ વસુલવાનું વિભાગે ઠરાવ્યું હતું. સી.એ.જી. દ્વારા સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત એપ્રિલ–૨૦૦૭ થી માર્ચ–૨૦૦૯ના સમયગાળાના ૧૮૬ કામોમાં રૂ.૮૭.૩૨/–લાખ જેટલા ઓછા શ્રમયોગી કલ્યાણ વેરાની વસુલાત થઇ તે અંગે વિભાગે તા.૦૧/૦૩/૨૦૧૪ના રોજ ઠરાવ કરી પાછલી અસરથી વેરો વસુલવા વેરો ઉઘરાવતા તમામ અધિકારીઓને સુચના આપી છે તેમ પણ જણાવ્યું હતું.

આ ફકરાની તપાસ માટે સમિતિની તા.૨૪ મે, ૨૦૨૩ના રોજની બેઠકમાં રૂબરૂ હાજર રહેલ શિક્ષણ વિભાગના પ્રતિનિધિએ પોતાના લેખિત ખુલાસામાં શ્રમ અને રોજગાર વિભાગે તા.૦૨/૦૬/૨૦૦૬ના જે ઠરાવથી ચો.મી. દીઠ રૂ.૩૦/–લેખે સુપર બિલ્ટ અપ એરિયા મુજબ વેરાની રકમ વસુલવા જણાવ્યું હતું તે મુજબની જ વસુલાત વિભાગે કરી છે તેનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમજ સી.એ.જી. તરફથી ઓછી વસુલાત અંગે ઓડીટમાં ટિપ્પણી કરવામાં આવી, ત્યારબાદ હવે વિભાગ દ્વારા મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓના કલ્યાણ સેસ અધિનિયમ, ૧૯૯૬ની કલમ–૩ મુજબ બાંધકામના કુલ ખર્ચના ૧ ટકા લેખે વસુલાત કરવામાં આવે છે તેમ પણ સમિતિને જણાવ્યું હતું. આ ફકરા સાથે સંકળાયેલ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના કોઈ પ્રતિનિધિ ઉક્ત જણાવેલ બેઠકમાં હાજર ન રહેતા શિક્ષણ વિભાગ દ્વારા થયેલ સંકલનની ક્ષતિની સમિતિએ નોંધ લઇ આ ફકરાની અલગથી તપાસ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ સાથે કરવાનું નક્કી કર્યું હતું.

આ ફકરા સાથે સંકળાયેલ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની રૂબરૂ તપાસ માટે તા.૨૧મી જુન, ૨૦૨૩ના રોજ મળેલ સમિતિની બેઠકમાં હાજર રહેલ વિભાગના પ્રતિનિધિએ વિભાગ દ્વારા વર્ષ–૨૦૧૩ પછી તા.૨૬–૦૯–૨૦૧૩ના ઠરાવ મુજબ બાંધકામની કુલ કિમતના ૧ ટકા લેખે વેરાની વસુલાત કરવામાં આવે છે તેમ સમિતિને જણાવ્યું હતું. પરંતુ, મૂળ આ ફકરો જે વર્ષ–૨૦૧૩ પહેલાનો છે તેમાં થયેલ વેરાની ઓછી વસુલાત અંગે વિભાગે શું કર્યું છે તે અંગે સમિતિએ પૃચ્છા કરી હતી. વધુમાં શ્રમ અને રોજગાર વિભાગે તા.૦૯/૦૧/૨૦૧૫ના રોજ શિક્ષણ વિભાગને પત્ર લખી આ ફકરામાં રૂ ૮૭.૩૨/– લાખની વેરાની ઓછી થયેલી વસુલાત સત્વરે કરવા જણાવ્યું તે સંદર્ભે સમિતિએ આ વસુલાત પૂર્ણ થઇ કે કેમ તે પૃચ્છા કરતા આ બેઠકમાં હાજર રહેલ શિક્ષણ વિભાગના પ્રતિનિધિએ જે તે સમયે શ્રમ અને રોજગાર વિભાગના ઠરાવની જોગવાઈ મુજબ જ શ્રમયોગી કલ્યાણ વેરાની વસુલાત થઇ છે તેમ સમિતિને જણાવ્યું હતું. આમ, શિક્ષણ વિભાગ દ્વારા ઓછી વસુલાત અંગે આગળ કોઈ કાર્યવાહી કરાઈ નથી તે પણ સમિતિને ધ્યાને આવ્યું હતું. વધુમાં, આ ફકરાની તપાસ માટે મળેલી આ બેઠકના ૧૦ દિવસ અગાઉ જ શિક્ષણ વિભાગે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગને રૂ. ૮૭.૩૨/– લાખની વસુલાત અંગે જે અદ્યતન પ્રત્યુતર પાઠવ્યો છે તેની સમિતિએ ખાસ નોંધ લઇ આ વિલંબ માટે નારાજગી વ્યક્ત કરી હતી. આ ફકરા સંદર્ભે રૂ. ૮૭.૩૨/– લાખની જે ઓછી વસુલાત થઇ છે તેમાં સંકળાયેલા બંને વિભાગો વચ્ચે સંકલનનો અભાવ સમિતિને જણાય છે. **આથી, સમિતિ શિક્ષણ વિભાગ દ્વારા રૂ.૮૭.૩૨/– લાખના ઓછા વસુલ કરવામાં આવેલ શ્રમયોગી કલ્યાણ વેરાની વસુલાત માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ સાથે સંકલનમાં રહીને સરકાર**

**કક્ષાએ ઉકત વસૂલાત અંગે યોગ્ય નિર્ણય થાય અને તદનુસાર સંપૂર્ણ વસૂલાત થાય તેમજ ભવિષ્યમાં આ પ્રકારનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે મુજબ યોગ્ય નિયમો/સૂચનો ઘડવા અંગેની કાર્યવાહી કરવા ભલામણ કરે છે.**

## શિક્ષણ વિભાગ

### ૫૯. ફકરા ક્રમાંક-૩.૧.૬.૧ અંદાજપત્રીય જોગવાઈ અને ખર્ચ

આ ફકરામાં સી.એ.જી.એ શિક્ષણ વિભાગ હસ્તકની ઉચ્ચ શિક્ષણ શાખા તથા ટેકનીકલ શિક્ષણ શાખાઓની વર્ષ ૨૦૦૫-૧૦ની અંદાજપત્રીય જોગવાઈ તેની સામે થયેલ ખર્ચ અને અંતે થતા અધિક ખર્ચ/બચતની સ્થિતિ દર્શાવી છે. જે મુજબ ઉચ્ચ શિક્ષણ શાખાને વર્ષ ૨૦૦૫-૧૦ દરમિયાન કુલ રૂ. ૨૬૦૨.૩૯/- કરોડના ફાળવેલ બજેટમાંથી શાખા રૂ. ૨૪૯૨.૦૪/- કરોડ ખર્ચ કરી શકી છે. આમ, કુલ રૂ.૧૧૦.૩૫/- કરોડની બચત થઇ છે. તો ટેકનીકલ શિક્ષણ શાખાની વર્ષ ૨૦૦૫-૧૦ દરમિયાન કુલ રૂ.૧૫૮૯.૨૬/-કરોડના ફાળવેલ બજેટ માંથી શાખા રૂ. ૧૨૦૮.૩૬/-કરોડનો જ ખર્ચ કરી શકી હતી જેમાં રૂ. ૩૮૦.૯૦/- કરોડની અધિક બચત થઇ હતી તેની નોંધ લીધી છે. વધુમાં, પાયાની પ્રાથમિક કાર્યવાહીનો તથા સમયબદ્ધ આયોજનના અભાવને કારણે મંજુર થયેલ નાણાનો વપરાશ થઈ શક્યો ન હતો. તેમજ પોલીટેકનીકમાં અભ્યાસ કરતા અનુસુચિત જાતિના નબળા વિદ્યાર્થીઓ માટેના કોચિંગ કલાસીસ વગેરે બાબતો માટેના રૂ.૨૧.૪૩/- કરોડની માર્ચ-૨૦૦૮માં વહીવટી મંજૂરી આપવા છતાં આ રકમનો સમગ્ર વર્ષમાં ઉપયોગ કરવામાં વિભાગ નિષ્ફળ રહ્યું હતું.

સમિતિને તા.૨૧ મે, ૨૦૨૧ના રોજ મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે સી.એ.જી.એ દર્શાવેલ બચત શૈક્ષણિક/બિન શૈક્ષણિક જગ્યાઓ ન ભરાવવાને કારણે તથા માર્ગ અને મકાન વિભાગ દ્વારા વિભાગના વિવિધ બાંધકામો માટેના ટેન્ડર્સ મંગાવવામાં અને ત્યારબાદની કરવાની રહેતી કામગીરીમાં થતા વિલંબને કારણે થઇ હતી તેમ જણાવ્યું હતું.

આ ફકરાની રૂબરૂ તપાસ માટે તા.૨૪ મે, ૨૦૨૩ના રોજની સમિતિની બેઠકમાં હાજર રહેલ વિભાગના પ્રતિનિધિએ સી.એ.જી. દ્વારા અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની યોજના માટે ફાળવાયેલ નાણાં વણવપરાયેલ રહ્યા તે ટીપ્પણી સંદર્ભે તેનો ખુલાસા કરતાં જણાવ્યું હતું કે, વિભાગ દ્વારા જયારે આ યોજના પર વિચાર કરવામાં આવી રહ્યો હતો ત્યારે વિભાગને ધ્યાને એ આવ્યું કે, અન્ય વિભાગો પણ શિક્ષણ વિભાગની આ યોજનામાં જે લાભો અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને આપે છે તે જ પ્રકારના લાભો આપી રહ્યા છે તેમજ ટેકનીકલ શિક્ષણ સિવાયના શિક્ષણના અન્ય ભાગોમાંથી પણ આ વિદ્યાર્થીઓ દ્વારા સહાય મેળવવામાં આવી શકે છે તેથી આ લાભો ન બેવડાય તે માટે પણ વિભાગ દ્વારા અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની આ યોજનાનો અમલ વર્ષ ૨૦૦૯-૧૦માં કરવામાં આવ્યો ન હતો તેમ વિભાગના પ્રતિનિધિએ લાભો બેવડાવવાની તથા અન્ય વિભાગો પણ સમાન પ્રકારના લાભો આપતી આવી યોજનાઓ ચલાવે છે તે બાબત એક વાર યોજના મંજુર કરાવ્યા બાદ વિભાગે ધ્યાને લીધી તે માટે સમિતિએ વિભાગે દાખવેલ નિષ્કાળજી બાબતે નારાજગી વ્યક્ત કરતા આવી બાબતોનું પુનરાવર્તન ન થાય તે માટે

**સમિતિ યોજનાનો સંપૂર્ણપણે અમલ ન કરી શકાય તેવી કોઈ યોજના વિભાગ દ્વારા નાણાકીય અંદાજપત્રમાં ન લેવાય તથા અમલ ન કરી શકાય તેવી કોઈ યોજનાને વિભાગ કક્ષાએ જ મંજુરી ન આપવા ભલામણ કરે છે. વધુમાં હાલમાં પણ આ પ્રકારની કોઇ યોજના બેવડાતી હોય તો તેની પણ સમીક્ષા કરવા આથી સમિતિ ભલામણ કરે છે.**

**૬૦. ફકરા ક્રમાંક–૩.૧.૭.૧. શિક્ષક તાલીમ વિશ્વવિદ્યાલયની સ્થાપના ન થઈ**

ફેબ્રુઆરી–૨૦૦૮માં રાજ્યમાં મહાવિદ્યાલયોના આચાર્યો–વ્યાખ્યાતાઓને તાલીમ આપી શકાય તે હેતુથી 'શિક્ષક તાલીમ વિશ્વવિદ્યાલય' સ્થાપવાની રજૂઆત થઇ હતી. તે અર્થે રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૮–૦૯ના અંદાજપત્રમાં રૂ.૧ કરોડ અને વર્ષ ૨૦૦૯–૧૦ના અંદાજપત્રમાં રૂ.૬.૯૫/–કરોડની જોગવાઈ કરી હતી. તા.૩૦ માર્ચ, ૨૦૦૯ના રોજનો પ્રસ્તાવિત વિશ્વવિદ્યાલયનો 'વિઝન પ્લાન' નેશનલ લો યુનિવર્સીટીએ વિલંબ સાથે એપ્રિલ, ૨૦૧૦માં રજુ કર્યો હતો. આ વિલંબથી વિભાગે વર્ષ ૨૦૦૮–૦૯માં રૂ. ૯૦/–લાખનું અનુદાન જતું કરવું પડ્યું હતું તો વર્ષ ૨૦૦૯–૧૦માં અનુદાન પરત જતું અટકાવવા બજેટ નિયમાવલીના ફકરા નંબર–૧૦૨ની જોગવાઈથી વિરુદ્ધ 'બાલ વિશ્વવિદ્યાલય' (બાલ ગોકુલમ)ના ખાતામાં રૂ.૬.૯૫/–કરોડનું અનુદાન જમા કરાવવામાં આવ્યું હતું. જેની સી.એ.જી.એ આ ફકરામાં નોંધ લીધી છે.

સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે જણાવ્યું હતું કે, શિક્ષક તાલીમ વિશ્વવિદ્યાલયની રચના માટે વર્ષ ૨૦૦૮–૦૯ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે રૂ.૧૦૦/–લાખની રકમની જોગવાઈ કરી હતી. પરંતુ, તેની સામે વિભાગે માત્ર રૂ.૧૦.૦૦/–લાખની રકમ ખર્ચવા માટે જ વહીવટી મંજુરી આપી હતી. જેનો ઉપયોગ વિશ્વવિદ્યાલયના 'વિઝન પ્લાન' બનાવવામાં થનાર હતો. બાકીના રૂ.૯૦/–લાખ અંગે વિભાગે પોતાના લેખિત ખુલાસામાં કોઈ ઉલ્લેખ કરેલ નથી. વધુમાં આચાર્ય અને વ્યાખ્યાતાઓને તાલીમ આપવા તાત્કાલિક ધોરણે ખર્ચ કરવો અનિવાર્ય હોઈ વિભાગે 'બાળ વિશ્વવિદ્યાલય' (બાલ ગોકુલમ)ના ખાતામાં માર્ચ–૨૦૧૦માં રૂ.૬.૯૫/–કરોડ જમા કરેલ હતા અને બજેટ નિયમાવલીના ફકરા ક્રમાંક નંબર–૧૦૨ની જોગવાઈ વિરુદ્ધ કોઈ કાર્યવાહી ન થયાનું પણ વિભાગે જણાવ્યું હતું.

આ ફકરાની રૂબરૂ તપાસ સંબંધે સમિતિની બેઠકમાં હાજર રહેલ વિભાગના પ્રતિનિધિએ આ વિશ્વવિદ્યાલયની હાલની સ્થિતિથી સમિતિને વાકેફ કરી હતી તેમજ વર્ષ ૨૦૨૦–૨૧થી ૨૦૨૩–૨૪ના અંદાજપત્રમાં આ વિશ્વવિદ્યાલયના બાંધકામ માટે કરવામાં આવેલ જોગવાઈની પણ માહિતી સમિતિને આપી હતી. અગાઉ મંજુર થયેલ 'વિઝન પ્લાન' અસરકારક ન હોવાનું સમિતિને ધ્યાને આવતા **સમિતિ રાજ્યના મુખ્ય સચિવશ્રીની સમીક્ષા હેઠળ વિભાગના વડાના સ્તરે આ 'વિઝન પ્લાન' બાબતે આયોજન કરી વાઈસ ચાન્સેલરની સમિતિ બનાવવા ભલામણ કરે છે. વધુમાં, આ વિશ્વવિદ્યાલય શિક્ષણ ક્ષેત્રે એક અનોખી પ્રકારની પહેલ હોઈ તેનું આગવી ઓળખવાળું બિલ્ડીંગ ઝડપથી બને તે સુનિશ્ચિત કરવા માટે પણ સમિતિ આથી, ભલામણ કરે છે.**

**૬૧. ફકરા ક્રમાંક –૩.૧.૯.૧૦ આંતરિક અન્વેષણ શાખા**

ટેકનીકલ શિક્ષણ શાખા હેઠળની સરકારી અને અનુદાનિત મહાવિદ્યાલયોમાં આંતરિક અન્વેષણ(ઓડીટ) માટે ત્રણ સભ્યો ધરાવતી ત્રણ ઓડીટ પાર્ટીઓ મંજુર કરવામાં આવી હતી. જેમણે ૪૮ સરકારી મહાવિદ્યાલય અને ૩૫૬ અનુદાનિત મહાવિદ્યાલયોનું વાર્ષિક અન્વેષણ(ઓડીટ) કરવાનું હતું. મંજુર થયેલી ત્રણ ઓડીટ પાર્ટીઓ સામે વર્ષ ૨૦૦૫–૧૦ના સમયગાળામાં માત્ર બે જ ઓડીટ પાર્ટીઓ કાર્યરત હતી તેમજ આ મહાવિદ્યાલયોમાં આંતરિક અન્વેષણ(ઓડીટ)ની કોઈ પણ વ્યવસ્થા ન હતી તેવું પણ ઓડીટ સમયે સી.એ.જી.ના ધ્યાન પર આવ્યું હતું.

સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે જણાવ્યું હતું કે, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીમાં સરકારી કોલેજ ઓડીટ શાખા તથા અનુદાનિત મહાવિદ્યાલય શાખામાં મંજુર મહેકમ સામે કર્મચારીઓની જગ્યાઓ ખાલી રહેતા તથા બાકીના કર્મચારીઓને ઓડીટ પેરા અંગેની વિવિધ કામગીરી પણ કરવાની રહેતી હોઈ ઓડીટ પાર્ટીઓ સક્રિય ન હતી. આંતરિક અન્વેષણ(ઓડીટ) સંદર્ભે ટેકનીકલ શિક્ષણ શાખા હેઠળની અનુદાનિત મહાવિદ્યાલયોને ઓડીટ માટે કાળજી લેવા જણાવવામાં આવે છે. પરંતુ, સરકારી મહાવિદ્યાલયોમાં આંતરિક ઓડીટ માટે કોઈ વ્યવસ્થા નથી તેમ પણ વિભાગે જણાવ્યું હતું.

આ ફકરાની તપાસ સંબંધે સમિતિની બેઠકમાં રૂબરૂ હાજર રહેલ વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, ઉચ્ચ શિક્ષણમાં એક મુખ્ય કારકુન અને ૨ સિનિયર કારકુન ધરાવતી ૩ (ત્રણ) ઓડિટ પાર્ટીઓ મંજૂર કરવામાં આવી છે. જે આંતરિક અન્વેષણ (ઓડિટ) કરે છે. સાથે સાથે ટેક્નીકલ શિક્ષણમાં કચેરી અધિક્ષકના વડપણ હેઠળની ટીમ દ્વારા ઓડિટ કરવામાં આવે છે અને વર્ષ ૨૦૨૦–૨૧ સુધીનું ઓડિટ આ પાર્ટીઓ દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું છે. આ સંદર્ભે બેઠકમાં હાજર રહેલ સી.એ.જી.ના પ્રતિનિધિ દ્વારા ઘણી કોલેજો/મહાવિદ્યાલયો સી.એ.જી.ની ઓડિટ પાર્ટીઓને પોતાના હિસાબો રજુ કરતી નથી. તેમજ ઓડિટ માટે વિશેષજ્ઞોની સમિતિની રચનાનો અભાવ તથા એકાએક કરવાની થતી કોલેજોની ચકાસણીના અભાવ તરફ સમિતિનું ધ્યાન દોર્યું હતું. આ બાબતોને અતિ ગંભીરતાથી લેતા **સમિતિ વિભાગને રાજ્યની જે કોઈપણ કોલેજો/મહાવિદ્યાલયોનું ઓડીટ કરવા સી.એ.જી. તરફથી ઓડીટ પાર્ટીઓ જાય ત્યારે તેમને કોલેજો/મહાવિદ્યાલયો તરફથી પૂરતો સહકાર મળે તે સુનિશ્ચિત કરવા તેમજ ફકરા ક્રમાંક :– ૩.૧.૯.૧.૪માં જેની સી.એ.જી.એ નોંધ લીધી છે તે મુજબ શિક્ષણના ધોરણોની જાળવણી સહિત નાણાની ઉચાપત, નિયમોના ઉલ્લંઘન જેવી અન્ય ફરિયાદોની ચકાસણી માટે અખિલ ભારતીય ટેક્નીલકલ શિક્ષણ પરિષદની સામાન્ય શરતમાં જેનો ઉલ્લેખ છે તે મુજબ એક વિશેષજ્ઞોની સમિતિની બનતી ત્વરાએ રચના કરવા પણ સમિતિ આથી ભલામણ કરે છે.**

<u>**સી.એ.જી.નો ઑડીટ અહેવાલ**</u>

<u>**(મહેસૂલ પ્રાપ્તિ)**</u>

<u>**માર્ગ અને મકાન વિભાગ**</u>

**૬૨. ફકરા ક્રમાંક –૧.૧.૩ મહેસુલ પ્રાપ્તિનું વલણ**

આ ફકરામાં સી.એ.જી.એ વર્ષ ૨૦૦૫–૦૬ થી ૨૦૦૯–૧૦ના સમયગાળા દરમિયાન માર્ગ અને મકાન વિભાગના 'જાહેરકામો' સદરમાં કર સિવાયના મહેસૂલમાં ૬૧.૧૨ ટકાનો વધારો થયો તેની નોંધ લીધી છે.

તા.૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ સમિતિને મોકલી આપેલ પોતાના લેખિત ખુલાસામાં વિભાગે નવા રજીસ્ટ્રેશનોની વધેલ સંખ્યા, ટેન્ડર ફીમાં થયેલ વધારો તથા ભંગારના વેચાણમાં થયેલ વધારાના કારણે 'જાહેરકામો' સદરમાં કર સિવાયના મહેસૂલમાં વધારો થયો હતો તેમ જણાવ્યું હતું.

તા.૨૩ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ મળેલ સમિતિની બેઠકમાં રૂબરૂ હાજર રહેલ વિભાગના પ્રતિનિધિને સમિતિએ કર સિવાયના મહેસૂલમાં થયેલ વધારા અંગે પૃચ્છા કરતા તેમણે વિભાગે મોકલેલ લેખિત ખુલાસામાં જણાવેલ કારણો ઉપરાંત બગોદરા–વાસદ વચ્ચેના રસ્તા પર ટોલ શરૂ કર્યો તેની આવક શરૂ થતા આવકમાં વધારો થયો હતો તે અંગે સમિતિને જણાવ્યું હતું. વધુમાં વર્ષ ૨૦૦૯–૧૦માં 'સ્વર્ણિમ ગુજરાત' અંતર્ગત ચાલેલ ઝુંબેશમાં વિવિધ ભંગાર તથા જુના વાહનોના નિકાલથી પણ વિભાગને અંદાજ કરતા વધુ આવક થઇ તેમ પણ વિભાગના પ્રતિનિધિએ સમિતિને માહિતી આપી હતી. સમિતિ એ વિભાગના નોન યુઝ થયેલ વાહનો તથા બાંધકામમાં ઉપયોગી અન્ય નોન યુઝ મશીનરીઓના સમયમર્યાદામાં નિકાલ અંગે ચિતા વ્યક્ત કરતા <u>**સમિતિ વિભાગે ૨૦૦૯–૧૦ના વર્ષમાં જેમ ઝુંબેશરૂપે જે નોન યુઝ વાહનો–ભંગારનો નિકાલ કર્યો હતો તે જ રીતે વિભાગ સમયાંતરે વાહનો, વિવિધ મશીનરીઓ સહિતના ભંગારનો નિકાલ સુનિશ્ચિત કરે તેવી ભલામણ કરે છે.**</u>

<u>**મહેસૂલ વિભાગ**</u>

**૬૩.** આ અહેવાલનું પ્રકરણ–I સામાન્ય કામગીરીને લગતું છે. જેમાં ઑડિટ દ્વારા જવાબદારીઓનો અમલ કરવામાં અને રાજ્ય સરકારના હિતોનું રક્ષણ કરવામાં અધિકારીઓની નિષ્ફળતા, વિભાગીય ઑડિટ સમિતિઓની બેઠકો સમયાંતરે ન મળવી, ઑડીટ સમક્ષ ચકાસણી માટે રેકર્ડ રજૂ ન કરવું, વિભાગનો ઑડીટ પારા અંગેનો પ્રતિભાવ, ઑડીટ દ્વારા ઉઠાવવામાં આવેલ મુદ્દો પરત્વે સંકળાયેલ તંત્ર વ્યવસ્થાનું વિશ્લેષણ, સ્વીકૃત કેસોની વસૂલાત, વિભાગે સ્વીકારેલી ભલામણો અંગે લેવાયેલ પગલા, વર્ષ દરમિયાન હાથ ધરાયેલ સ્થાનિક ઑડિટની સ્થિતિ વિગેરે બાબતના ઑડીટ નિરીક્ષણ કર્યા છે.

વિભાગ દ્વારા તા.૨૬/૧૨/૨૦૨૩ના રોજ સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે ઉક્ત જણાવેલ સી.એ.જી.ના ફકરાઓ સાથે સંકળાયેલ તમામ કેસોની જે તે સમયની અદ્યતન સ્થિતિ તથા તે સંદર્ભે વિભાગે કરેલ કાર્યવાહીની વિગતો જણાવી હતી.

સમિતિની તા.૦૩/૦૧/૨૦૨૪ના રોજ મળેલ બેઠકમાં સમિતિએ વિભાગના પ્રતિનિધિને આ ફકરાઓ સંદર્ભે ઉપસ્થિત થયેલ કેસોમાં કાર્યવાહીમાં વિલંબ તથા શિથિલતા સંદર્ભે પૃચ્છા કરતાં વિભાગના પ્રતિનિધિએ ફકરા ક્રમાંક: ૧.૧.૨ અંતર્ગત જણાવેલ કે, બિનકર અને કર એમ બન્ને પ્રકારની આવકોમાં વધારો જે તે સમયે જંત્રીના ભાવોમાં થયેલ વધારાને હિસાબે થયેલ હતો. તથા ફકરા ક્રમાંક: ૧.૨.૧ બાબતે વિભાગના પ્રતિનિધિએ જણાવેલ કે, ઑડીટ પારાઓનો સમયસર નિકાલ કરવા માટે જિલ્લા સ્તરે સમિતિઓની રચના કરવામાં આવેલ છે અને હાલની સ્થિતિએ ઉક્ત સમિતિઓની નિયમિત બેઠકો મળે છે અને તે સંદર્ભે નિયમિત રીતે તેના નિકાલની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

સમિતિને મોકલેલ લેખિત ખુલાસામાં વિભાગે જણાવેલ હતુ કે, એ.જી.કચેરી દ્વારા મોકલવામાં આવતા નિરિક્ષણ અહેવાલો અને ફકરાઓની નિયત સમયમાં પૂર્તતા અને નિકાલ થાય તે માટે વિભાગ દ્વારા તા.૦૮/૦૯/૨૦૧૬ના પરિપત્ર ક્રમાંક: જહસ/૧૦૨૦૧૬/૧૩૩/ઠ.૩થી સૂચનાઓ આપવામાં આવેલ હતી અને તે બાબતની અદ્યતન સ્થિતિ પણ રજૂ કરેલ છે જેમાં સ્ટેમ્પ ડ્યૂટી અને નોંધણી ફીને લગતા કુલ–૫૨ પારા અને જમીન મહેસૂલ (કલેક્ટર કચેરીઓ)ને લગતા કુલ–૩૩૯ પારા પડતર છે અને ઉક્ત પારાઓના નિકાલ માટે વિભાગે તેના તા.૦૭/૦૩/૨૦૨૩ના પત્ર ક્રમાંક:ઈજર/એ.જી/ફા.નં–૨૮/૨૦૨૩/૧૧૨૯૧–૯૪થી ઉક્ત વિષયને સંલગ્ન રાજ્યની તમામ કચેરીઓને ઑડિટ પારાઓના નિયત સમય મર્યાદામાં નિકાલ કરવાની સૂચના આપેલ હતી. **સમિતિએ ચિંતા વ્યક્ત કરી જણાવ્યું હતુ કે, વર્ષ–૨૦૦૯–૧૦માં થયેલ ઑડિટ અંગેના પારાઓના નિકાલ સંબંધે વિભાગ દ્વારા સમયાંતરે સૂચનાઓ આપવામાં વિલંબ થયો તે બાબતે વિભાગ કક્ષાએથી જે તે સમયે સઘન પ્રયત્નો કરવા જરૂરી હતા તેમજ હાલની સ્થિતિએ પણ બાકી પારાઓના નિકાલ ઝડપથી થાય તે માટે નિયત કરેલ સમિતિઓની કાર્યવાહી નિયમિત થાય અને તેનો નિકાલ ખૂબ જ ઝડપથી થાય તે માટે જવાબદાર અધિકારીઓને સૂચનાઓ આપી ગંભીરતાથી અગ્રિમતાના ધોરણે બાકી રહેતા પારાઓ તથા તે સંદર્ભેની વસૂલાત પૂર્ણ કરવા સમિતિ ભલામણ કરે છે તથા ભવિષ્યમાં આ બાબતે નિયમિત રીતે સમયમર્યાદામાં યોગ્ય કાર્યવાહી પૂર્ણ થાય તે પ્રમાણેનું ચોક્કસ તંત્ર અને પદ્ધતિ ઉભી કરવા અને નિયમો ઘડવા સમિતિ ભલામણ કરે છે.**

### ૬૪. ફકરા ક્રમાંક–૩.૫.૧૨ જમીનના બિનઅધિકૃત ઉપયોગ અને નિયત કરેલ દંડની વસૂલાત ન થવા અંગેની બાબતોનો તાગ ન મળવો

મુંબઈ જમીન મહેસૂલ સંહિતા, ૧૮૭૯ અને તે અન્વયે ઘડાયેલા નિયમો મુજબ કોઈપણ જમીન તેની આકારણી જે હેતુથી કરવામાં આવી હોય તે સિવાયના હેતુ માટે ઉપયોગમાં લેવાયેલ હોય અથવા સક્ષમ સત્તાધિકારીની અગાઉથી મંજૂરી લીધા સિવાય ધારણ કરવામાં આવેલ હોય તો ભોગવટો કરનાર વ્યક્તિ જમીનના વિસ્તારની બિન કૃષિકર આકારણીના ૪૦ ગણાથી વધુ નહીં

તેટલો દંડ ભરવાને પાત્ર બનશે. જે બાબતે વર્ષ ૨૦૦૪-૦૫ થી ૨૦૦૮-૦૯ના સમયગાળા દરમિયાન છ કલેક્ટરો અને છ ડી.ડી.ઓ.એ આખરી રૂપ કરેલ બિન કૃષિ કેસોની ચકાસણી મુજબ ૪૪ કેસોમાં ૧ થી ૨૮ વર્ષના સમયગાળા માટે કલેક્ટરની પૂર્વ મંજૂરી સિવાય જમીનનો બિન કૃષિ હેતુઓ માટે ઉપયોગ કર્યો હતો. બિનઅધિકૃત ભોગવટાના કેસો અટકાવવા માટે કરવામાં આવેલી દંડની જોગવાઈનો અમલ યોગ્ય રીતે ન થતાં ઉક્ત કેસો અંતર્ગત કુલ રૂ. ૧૬.૯૪ લાખ જેટલી ઓછી મહેસૂલી વસૂલાત થયેલ હતી.

વિભાગ દ્વારા તા.૨૬/૧૨/૨૦૨૩ના રોજ સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે જણાવેલ હતું કે, ઉક્ત ૪૪ કેસો પૈકી ૧૯ કેસોમાં વસૂલાત થયેલ છે અને બાકીના ૨૫ કેસોની અદ્યતન સ્થિતિ સમિતિ સમક્ષ રજૂ કરવા જણાવેલ હતુ. લેખિત ખુલાસામાં ઉક્ત તમામ કેસોનો વિગતવાર ઉલ્લેખ કરવામાં આવેલ હતો.

સમિતિની તા.૦૩/૦૧/૨૦૨૪ના રોજ મળેલ બેઠકમાં સમિતિએ વિભાગના પ્રતિનિધિએ આ ફકરાઓ સંદર્ભે ઉપસ્થિત થયેલ કેસો બાબતે જણાવેલ હતું કે, વસૂલાતની કુલ બાકી રકમ રૂ.૧૬.૯૪ લાખ પૈકી અદ્યતન સ્થિતિએ રૂ.૧૩.૭/- લાખની વસૂલાત થઈ ગયેલ છે. બાકીના સુરતના ચાર કેસોમાં આખા સર્વે નંબર ઉપર અનધિકૃત ભોગવટો ગણીને દંડ વસૂલ કરવાની જગ્યાએ નિયમ-૫૬ની જોગવાઈ મુજબ જેટલા વિસ્તારમાં બાંધકામ થયેલ હોય તેટલા પૂરતો દંડ વસૂલ કરવાનો થાય તે મુજબ દંડ વસૂલવામાં આવેલ છે. તે સિવાય ડી.ડી.ઓ. કચેરીના પાંચ કેસોમાં ૧૦ વર્ષના અનધિકૃત દબાણમાં દર વર્ષ મુજબ ૪૦ પટની રકમ વસૂલ કરવી જોઈએ પરંતુ કાયદાની જોગવાઈ મુજબ વિવેકાનુસાર દંડ વસૂલ કરવાની સત્તા કારોબારીની હતી અને તે મુજબ જ કારોબારી દ્વારા વસૂલાત કરવામાં આવેલ છે. જેના પરિણામે રૂ.૧૬.૯૪ લાખની વસૂલાત સામે રૂ.૧૩.૭ લાખની વસૂલાત થઈ ગયેલ છે. **આમ, ઉપર્યુક્ત થયેલ ઓછી વસૂલાત બાબતે સમિતિએ ચિંતા વ્યક્ત કરી તે બાબતે કારોબારીને મહેસૂલી વસૂલાત બાબતની જે સત્તા મળેલ છે તેની સમીક્ષા કરવાની તથા નિયત કરેલ દંડની રકમમાં યોગ્ય વધારો કરવાની વિચારણા કરવા તેમજ દબાણ કરનાર ઈસમો સામે કાયદાકીય કડક પગલાં લેવા માટે અમલમાં હોય તેવા કાયદાઓનો ઉપયોગ કરીને કડક કાર્યવાહી હાથ ધરવાની સમિતિ ભલામણ કરે છે.**

### ૬૫. ફકરા ક્રમાંક-૫.૧૨ અને ૫.૧૩ વેચાણખત પર સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીના સ્વરૂપમાં મહેસૂલની ત્રૂટી તથા દસ્તાવેજોની નોંધણી ન થવાથી સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીની વસૂલાત ન થવી.

ગુજરાત રાજ્યને લાગુ પડતા મુંબઈ સ્ટેમ્પ અધિનિયમની કલમ-૨૦ મુજબ મિલકત તબદીલી પર મિલકતની બજાર કિંમત અથવા દસ્તાવેજમાં દર્શાવેલ કિંમત બેમાંથી જે વધુ હોય એટલી સ્ટેમ્પ ડ્યુટી વસૂલાત પાત્ર છે. આમ, વડોદરા ખાતેની સબ રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નં.૨૭૪૭માં ખરીદકર્તા અને વિકાસકર્તા કાર્ય વચ્ચેના વેચાણના દસ્તાવેજના ઉલ્લેખની ગેરહાજરીમાં વેચાણખતની નોંધણી ન હોવાથી સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીની આવક ખોટના સ્વરૂપમાં ગણી શકાય. જેમાં ૧૭ સબ રજીસ્ટ્રાર કચેરીમાં રૂ.૩૮.૭૨ કરોડના મૂલ્યના ૫૭ દસ્તાવેજોમાં આ પ્રકારની ભૂલો થયેલ. આમ, મિલકતની તબદીલી વેચાણખતના અમલ વગર

કરવામાં આવે તો સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી સ્વરૂપે રૂ.૨.૮૩ કરોડની મહેસૂલી ખોટ જણાયેલ હતી.

નોંધણી અધિનિયમ ૧૯૦૮બી કલમ–૧૭માં રૂ.૧૦૦ અથવા વધારે મૂલ્ય ધરાવતી મિલકતના વેચાણ, ગીરો, ભાડાપટ્ટા અથવા મિલકત ફેરબદલના દરેક દસ્તાવેજની નોંધણી ફરજિયાત છે. જાન્યુઆરી અને જુલાઈ ૨૦૦૯ દરમિયાન ૧૬ સબ રજીસ્ટ્રારની કચેરીઓના રેકર્ડની ચકાસણી દરમિયાન ૭૫ જેટલા કેસોમાં દર્શાવેલ દસ્તાવેજોની માહિતીમાં જેની નોંધણી કરવી ફરજિયાત હતી તે કરાવેલ ન હતી. ૪૨ કેસોમાં મુખત્યારનામા(પાવર ઓફ એટર્ની)ની નોંધણી કરવામાં આવેલ ન હતી અને ૯ કેસોમાં દસ્તાવેજની નોંધણી  સમયે જૂની સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી વસૂલવામાં આવેલ હતી અને એક કેસમાં મિલકતની વહેંચણી દસ્તાવેજો કર્યા વગર કરવામાં આવેલ હતી. જેના પરિણામે રૂ.૧.૨૫ કરોડની સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીની વસૂલાત થઈ ન હતી.

વિભાગ દ્વારા તા.૨૬/૧૨/૨૦૨૩ના રોજ સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે ફકરા ૫.૧૨ સંદર્ભે જણાવેલ હતુ કે, ઉક્ત ૫૭ કેસો પૈકી હાલની સ્થિતિએ હુકમ કરેલ દસ્તાવેજો ૫૪ છે અને તેમાંથી વસૂલાત કરેલ કેસો ૧૩ છે જેની રકમ રૂ. ૩૧,૬૦,૦૦૦/– છે. તથા વસૂલાત બાકી હોય તેવા કેસોની સંખ્યા ૨૯ છે તેમજ ૧૨ કેસોમાં યોગ્ય સ્ટેમ્પ ડ્યુટી ઠરાવેલ છે તથા ૦૩ જેટલા કેસોમાં હુકમ કરવાના બાકી છે. તેમજ જે કેસોમાં પક્ષકારોને નોટિસની બજવણી થતી નથી તેવા કેસોમાં એકતરફી નિર્ણય લઈને હુકમ કરીને હક્કપત્રમાં બોજાનોંધ પાડવાની કાર્યવાહી કરવા, મિલકત ટાંચમાં લેવા, હરાજીની કાર્યવાહી ઝડપથી કરવા વગેરે જેવા કડક પગલાં લેવા સૂચનાઓ આપવામાં આવેલ છે. તેમજ ફકરા ૫.૧૩ સંદર્ભે વિભાગે જણાવેલ હતું કે, ઉક્ત ૭૫ કેસો પૈકી રેકર્ડ મુજબ ૭૨ કેસો થાય છે જેમાં હાલની સ્થિતિએ હુકમ કરેલ દસ્તાવેજો ૭૧ છે અને તેમાંથી વસૂલાત કરેલ કેસો ૨૨ છે જેની રકમ રૂ. ૫,૩૧,૦૦૦/– છે તથા વસૂલાત બાકી હોય તેવા કેસોની સંખ્યા ૩૩ છે તેમજ ૧૬ કેસોમાં યોગ્ય સ્ટેમ્પ ડ્યુટી ઠરાવેલ છે. તથા ૦૧ જેટલા કેસોમાં હુકમ કરવાના બાકી છે અને ૧૯ જેટલા કેસોમાં બોજાનોંધ પાડવામાં આવેલ છે. મુખત્યારનામા(પાવર ઓફ એટર્ની)ના કેસોમાં કબજો સોંપ્યાનું અભિપ્રેત થતુ હોય ત્યાં તેની નોંધણી તા.૨૧/૦૭/૨૦૦૮થી ફરજિયાત કરેલ છે. તથા તા.૧૫/૦૫/૨૦૧૩થી લોહીના સંબંધ સિવાયના અન્ય કોઈ ત્રાહિત વ્યક્તિઓને મિલકત તબદીલી માટે મુખ્યતારનામું (પાવર ઓફ એટર્ની) આપવામાં આવે ત્યારે માલિકી ફેર ગણી સ્ટેમ્પ ડ્યુટી લેવામાં આવે છે. તા.૧૦/૦૭/૨૦૨૦થી સ્થાવર મિલકતને લગતી તમામ મુખત્યારનામા(પાવર ઓફ એટર્ની)ના લેખોની નોંધણી ફરજિયાત કરવામાં આવેલ છે.

સમિતિની તા.૦૩/૦૧/૨૦૨૪ના રોજ મળેલ બેઠકમાં સમિતિએ વિભાગના પ્રતિનિધિને આ ફકરાઓ સંદર્ભે ઉપસ્થિત થયેલ કેસો બાબતે જણાવેલ હતુ કે, જે તે સમયે પાવર ઓફ એટર્ની અને ડેવલોપમેન્ટના કેસોમાં નિયમો કે પરિપત્રો બનાવવામાં આવેલ ન હતા અને પક્ષકારો તેનું રજીસ્ટ્રેશન કરતા ન હતા તેથી તેઓની કચેરીઓ સુધી બાબત આવતી ન હતી. પરંતુ હાલની સ્થિતિએ ઉક્ત બાબતે યોગ્ય નિયમો તથા સૂચનાઓ પરિપત્રિત થયેલ છે અને તમામ

દસ્તાવેજોનું કચેરી ખાતે હાજર રહીને ઓનલાઈન પદ્ધતિથી રજીસ્ટ્રેશન કરવાનું ફરજિયાત કરવામાં આવેલ છે. આમ, **અગાઉ બનેલા કેસો બાબતે સમિતિએ ચિંતા વ્યક્ત કરીને હાલની સ્થિતિએ વિભાગ તરફથી મળેલ પ્રત્યુત્તર જોતાં ઉક્ત બાબતે મહેસૂલ વિભાગે યોગ્ય પદ્ધતિ વિકસાવેલ છે. જેની સમિતિ સરાહના કરે છે પરંતુ, તેમ છતાં કોઈ વ્યક્તિ કે પક્ષકાર કાયદાની કે અન્ય બાબતની જોગવાઈનો દુરુપયોગ કરીને ગેરકાયદેસર લાભ ન ઉઠાવે તે માટે યોગ્ય પગલાં લેવા તથા તેની સમયાંતરે સમીક્ષા કરીને ઉક્ત પદ્ધતિ ખૂબ જ સુચારું અને સંપૂર્ણ રીતે ચુસ્ત બને અને સરકારને થતી મહેસૂલી ખોટને નિવારી શકાય તે માટે યોગ્ય પગલાં લેવા સમિતિ ભલામણ કરે છે.**

## સહકાર પ્રભાગ

### ૬૬. ફકરા ક્રમાંક–૭.૨.૧૧ આંતરિક નિયંત્રણ

ઉક્ત પ્રકરણના ફકરા ક્રમાંક–૭.૨.૧૧.માં સી.એ.જી.એ જુદી જુદી સામાજિક યોજનાઓના અમલ માટે રાજ્ય સરકારે જુદા જુદા બોર્ડ નિગમો વગેરેને મંજૂરી હુકમમાં દર્શાવેલ મુદ્દતો અને શરતો એ લોન પૂરી પાડી હતી તેનું ઓડિટ કર્યુ હતું. સન ૨૦૦૪–૦૯ના સમયગાળામાં વિવિધ રેકોર્ડસની ચકાસણીમાં સી.એ.જી.ને ધ્યાને આવ્યું હતું કે વિભાગોએ જણાવ્યું તે મુજબની આપેલ લોન અને તેના વ્યાજની વસૂલાત પર પૂરતું ધ્યાન આપ્યું ન હતું જેમાં સહકાર પ્રભાગને સંબંધિત બાકી વસૂલાત નીચે મુજબ છે.

**(રૂ.કરોડમાં)**

| લોન લેનારનું નામ | વહીવટી વિભાગ | મંજૂર થયેલ લોનની રકમ | મંજૂર કરવામાં આવી હોય તે સમયગાળો | ૩૧ માર્ચ ૨૦૦૯ ના રોજ મુદ્દત વીત્યા વ્યાજની રકમ |
|---|---|---|---|---|
| ૧૩ જિલ્લાઓની કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ (APMC) | કૃષિ અને સહકાર | ૩.૩૦ | ૧૯૭૩ થી ૨૦૦૯ | ૦.૮૪ |

પ્રભાગે તા.૪ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં તા.૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ કુલ–૯(નવ) જિલ્લાઓની કુલ–૧૪ કૃષિ ઉત્પન્ન બજાર સમિતિઓની પ્રભાગ દ્વારા થયેલ મુદલ અને વ્યાજની વસૂલાતની વિગતો મોકલી આપેલ હતી. જેમાં ૧૪ કૃષિ ઉત્પાદન બજાર સમિતિઓ પાસેથી મુદલના રૂ.૪૭,૬૭,૫૫૦/– તથા વ્યાજના રૂ.૫૯,૫૯,૧૬૩/– ની વસૂલાત પ્રભાગે કરી હતી તેમ દર્શાવ્યું હતું તેમજ રાજ્ય સરકાર તરફથી કૃષિ ઉત્પાદન બજાર સમિતિઓને આપેલ લોનની વસૂલાત અંગેની કાર્યવાહી કરવામાં આવે છે તેમ પણ જણાવ્યું હતું.

સમિતિની તા.૨૧/૦૬/૨૦૨૩ના રોજની બેઠકમાં ઉકત ફકરાની ચર્ચા દરમિયાન રૂબરૂ હાજર રહેલ પ્રભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે કુલ–૧૪ જુદી જુદી એ.પી.એમ.સી.પાસેથી રૂ.૧.૭/– કરોડની વસૂલાત સહકાર પ્રભાગે કરવાની હતી જેમાંથી માત્ર રૂ.૫.૯૩/–લાખની વસૂલાત થયેલ છે અને બાકી રહેલ રકમની વસૂલાતની પ્રક્રિયા ચાલુ છે તેમજ જે બજાર સમિતિઓની વસૂલાત બાકી છે તેમને સમયાંતરે નોટીસો પાઠવવામાં આવે છે તેમ પણ વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું. સમિતિ દ્વારા પ્રભાગે કરવાની રહેતી બાકી વસૂલાતમાંથી કોઇ રકમ માંડવાળ કરવાની છે અને તે માટે રાજ્ય સરકારને દરખાસ્ત કરી છે કે કેમ ? તેવી પૃચ્છા કરતા વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે પ્રભાગ તમામ બાકી રકમ વસૂલવા માટે આખરી સુધી પ્રયત્ન કરશે અને અદ્યતન સ્થિતિ મુજબ બાકી રહેલ ૧૪ પૈકી ૭ કૃષિ ઉત્પન્ન બજાર સમિતિઓ પાસેથી લેવાની થતી રકમ વસૂલ થઇ ગયેલ  છે અને એક સંસ્થાએ દસ (૧૦) દિવસમાં બાકી નાણા સરકારને પરત કરશે તેમ બાંયધરી આપી છે. તેથી હાલ કોઇ રકમ માંડવાળ કરવા અંગે સહકાર પ્રભાગે વિચારણા કરેલ નથી. વધુમાં કૃષિ ઉત્પન્ન બજાર સમિતિને સન ૨૦૦૯–૧૦ અગાઉ જે રીતે લોન અપાતી હતી તે જ પદ્ધતિથી આજે પણ લોન અપાય છે તેમ પ્રભાગના પ્રતિનિધિએ સ્પષ્ટતા કરી હતી. **આથી સમિતિ જે કોઇ પણ કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ પાસેથી મુદ્દલ અને વ્યાજની રકમ વસૂલવાની બાકી હોય તે વસૂલાત ઝડપથી કરવા તથા ભવિષ્યમાં આ પ્રકારે જે કોઇ પણ વસૂલાત કરવાની હોય તેની વસુલાતની કાર્યવાહી સમયસર થાય તે સુનિશ્ચિત કરવા વ્યવસ્થા ગોઠવવા પ્રભાગને ભલામણ કરે છે. વધુમાં સમિતિ સમક્ષ ઉકત ફકરાના જવાબમાં પ્રભાગે જણાવ્યું તે મુજબ બાકીની તમામ રકમની વસૂલાત પૂર્ણ થયેથી તેની સમિતિને જાણ  કરવા  સમિતિ જણાવે છે.**

**૬૭.** વધુમાં આ વર્ષના ઓડિટ અહેવાલના ફકરાઓના વિભાગે આપેલ વિગતવાર ખુલાસાથી સમિતિએ સંતોષ વ્યક્ત કર્યો હોય તે ફકરાઓનો આ અહેવાલમાં સમાવેશ કરવામાં આવેલ નથી.

**૬૮.** ખર્ચમાં કરકસર કરવાના આશયથી સમિતિએ તેની કાર્યવાહીને શબ્દશ: નહીં છપાવવાનો નિર્ણય લીધો છે. તેમ છતાં શબ્દશ: કાર્યવાહીની સાઇકલોસ્ટાઇલ કરેલી ત્રણ નકલો હંમેશ મુજબ ગુજરાત વિધાનસભા ગ્રંથાલયમાં રાખવાનો સમિતિએ નિર્ણય કર્યો છે.

**૬૯.** સમિતિ એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ–૧ અને ઓડિટ–૨, નાણા વિભાગના સચિવ અને ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ તથા કર્મચારીઓએ સમિતિના કામકાજમાં આપેલી અમૂલ્ય સહાય બદલ તેમનો આભાર માને છે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા.૨૬/૦૨/૨૦૨૪**

**જીતેન્દ્રભાઈ વાઘાણી,**
**પ્રમુખ,**
**જાહેર હિસાબ સમિતિ**

––––––––––––––––

## નિરિક્ષણો/તારણો/ભલામણોનો ટૂંકસાર

| ક્રમ | ફકરા નંબરનો સંદર્ભ | નિરિક્ષણો/તારણો/ભલામણોનો ટૂંકસાર |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| | | **ઑડિટ અહેવાલ (મુલ્કી)** |
| | | **જળસંપત્તિ પ્રભાગ** |
| ૧ | ૫૫ | સમિતિ ભવિષ્યમાં આ પ્રકારના બાંધકામો જમીન સંપાદન પૂર્ણ કર્યા સિવાય ન કરવા ભલામણ કરે છે. |
| ૨ | ૫૬ | જળસંપત્તિ પ્રભાગ દ્વારા આ ક્ષેત્રે હજુ વધુ કામગીરી થાય તે માટે આરોગ્યના વિષયને ધ્યાનમાં રાખીને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સાથે સંકલન કરી આ દરિયાકાંઠાના ખારાશ પ્રભાવિત વિસ્તારોના લોકો માટે યોગ્ય વ્યવસ્થાઓ કરવા અને આરોગ્યને લગતા પ્રોજેકટ હાથ ધરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૩ | ૫૭ | સમિતિ ભલામણ કરે છે કે, ક્ષાર પ્રવેશ નિયંત્રણ કાર્યક્રમની યોજનાઓના મૂલ્યાંકન–દેખરેખ માટેની જે કોઇ સમિતિ હોય તેની બેઠક અચૂક રીતે નિયમિત યોજવામાં આવે. આ બેઠકોમાં મુખ્ય સચિવ કક્ષાએ પણ જો બેઠક યોજવાની હોય તો તેમણે પણ આ બેઠકોને પ્રધાન્ય આપતા આ બેઠકોમાં હાજરી આપવી.<br>આ સમસ્યાઓના અભ્યાસ અને તેના નિવારણ–નિયંત્રણ માટે થઇને સમિતિ ક્ષાર પ્રવેશ નિયંત્રણ કાર્યક્રમને વધુ આગળ લઇ જવા રાજ્યના મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય સમિતિ–૩ની રચના કરવા ભલામણ કરે છે.<br>સમિતિ ઊંડાણપૂર્વક ચર્ચા કરીને આ કાર્યક્રમના સમગ્ર પાસાંઓની તપાસ હાથ ધરતાં આ કાર્યક્રમ વધુ અસરકારક બને તે માટે નીચે મુજબની ભલામણો કરે છે.<br>(૧) આદ્રીથી માધવપુર કેનાલના મીસીંગ લિંકના કામો તાકીદે પૂર્ણ કરવામાં આવે.<br>(૨) મીસીંગ લીંકના કામોમાં જયાં પણ જમીન સંપાદનના લીધે પ્રોજેકટ વિલંબમાં જતો લાગે ત્યાં મહેસૂલ વિભાગ સાથે સંકલન કરીને જમીન સંપાદનની કામગીરી સમયસર પૂર્ણ કરવામાં આવે.<br>(૩) ઉચ્ચ સ્તરીય સમિતિએ દરિયા કિનારાની જમીન ઉપર વૃક્ષો ઉછેરવા અંગે ભલામણો કરી છે જેમાં પૂરતું કામ થયેલ નથી તો દરિયા કિનારાના કયા વિસ્તારોમાં કયા પ્રકારના વૃક્ષો ઉછેરવા તથા કઇ પ્રકારની અન્ય વ્યવસ્થા કરવી તે માટે પ્રભાગે |

| | | |
|---|---|---|
| | | સમિતિની રચના કરવી અને આ ક્ષેત્રમાં વધું કામ કરવું.<br>(૪) ક્ષાર પ્રવેશથી કૃષિ, પશુપાલન અને પર્યાવરણ પર થતી અસરો સંદર્ભે આ વિષયો સાથે સંકળાયેલા વિભાગ/પ્રભાગ સાથે સંકલન કરીને આ વિસ્તારોમાં યોગ્ય વ્યવસ્થાઓ કરવી તેમજ પ્રોજેક્ટસ હાથ ધરવામાં આવે. |
| **શિક્ષણ વિભાગ<br>તથા<br>શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ** | | |
| ૪ | ૫૮ | આથી, સમિતિ શિક્ષણ વિભાગ દ્વારા રૂ.૮૭.૩૨/- લાખના ઓછા વસુલ કરવામાં આવેલ શ્રમયોગી કલ્યાણ વેરાની વસુલાત માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ સાથે સંકલનમાં રહીને સરકાર કક્ષાએ ઉક્ત વસૂલાત અંગે યોગ્ય નિર્ણય થાય અને તદનુસાર સંપૂર્ણ વસૂલાત થાય તેમજ ભવિષ્યમાં આ પ્રકારનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે મુજબ યોગ્ય નિયમો/સૂચનો ઘડવા અંગેની કાર્યવાહી કરવા ભલામણ કરે છે. |
| **શિક્ષણ વિભાગ** | | |
| ૫ | ૫૯ | સમિતિ યોજનાનો સંપૂર્ણપણે અમલ ન કરી શકાય તેવી કોઈ યોજના વિભાગ દ્વારા નાણાકીય અંદાજપત્રમાં ન લેવાય તથા અમલ ન કરી શકાય તેવી કોઈ યોજનાને વિભાગ કક્ષાએ જ મંજુરી ન આપવા ભલામણ કરે છે. વધુમાં હાલમાં પણ આ પ્રકારની કોઇ યોજના બેવડાતી હોય તો તેની પણ સમીક્ષા કરવા આથી સમિતિ ભલામણ કરે છે. |
| ૬ | ૬૦ | સમિતિ રાજ્યના મુખ્ય સચિવશ્રીની સમીક્ષા હેઠળ વિભાગના વડાના સ્તરે આ 'વિઝન પ્લાન' બાબતે આયોજન કરી વાઇસ ચાન્સેલરની સમિતિ બનાવવા ભલામણ કરે છે. વધુમાં, આ વિશ્વવિદ્યાલય શિક્ષણ ક્ષેત્રે એક અનોખી પ્રકારની પહેલ હોઈ તેનું આગવી ઓળખવાળું બિલ્ડીંગ ઝડપથી બને તે સુનિશ્ચિત કરવા માટે પણ સમિતિ આથી, ભલામણ કરે છે. |
| ૭ | ૬૧ | સમિતિ વિભાગને રાજ્યની જે કોઇપણ કોલેજો/મહાવિદ્યાલયોનું ઓડીટ કરવા સી.એ.જી. તરફથી ઓડીટ પાર્ટીઓ જાય ત્યારે તેમને કોલેજો/મહાવિદ્યાલયો તરફથી પૂરતો સહકાર મળે તે સુનિશ્ચિત કરવા તેમજ ફકરા ક્રમાંક :-૩.૧.૯.૧.૪માં જેની સી.એ.જી.એ નોંધ લીધી છે તે મુજબ શિક્ષણના ધોરણોની જાળવણી સહિત નાણાની ઉચાપત, નિયમોના ઉલ્લંઘન જેવી અન્ય ફરિયાદોની ચકાસણી માટે અખિલ ભારતીય ટેક્નીલકલ શિક્ષણ પરિષદની સામાન્ય શરતમાં જેનો ઉલ્લેખ છે તે મુજબ એક વિશેષજ્ઞોની સમિતિની બનતી ત્વરાએ રચના કરવા પણ સમિતિ આથી ભલામણ કરે છે. |

| | | |
|---|---|---|
| **સી.એ.જી.નો ઑડીટ અહેવાલ<br>(મહેસૂલ પ્રાપ્તિ)** | | |
| **માર્ગ અને મકાન વિભાગ** | | |
| ૮ | ૬૨ | સમિતિ વિભાગે ૨૦૦૯–૧૦ના વર્ષમાં જેમ ઝુંબેશરૂપે જે નોન યુઝ વાહનો–ભંગારનો નિકાલ કર્યો હતો તે જ રીતે વિભાગ સમયાંતરે વાહનો, વિવિધ મશીનરીઓ સહિતના ભંગારનો નિકાલ સુનિશ્ચિત કરે તેવી ભલામણ કરે છે. |
| **મહેસૂલ વિભાગ** | | |
| ૯ | ૬૩ | સમિતિએ ચિંતા વ્યક્ત કરી જણાવ્યું હતુ કે, વર્ષ–૨૦૦૯–૧૦માં થયેલ ઑડિટ અંગેના પારાઓના નિકાલ સંબંધે વિભાગ દ્વારા સમયાંતરે સૂચનાઓ આપવામાં વિલંબ થયો તે બાબતે વિભાગ કક્ષાએથી જે તે સમયે સઘન પ્રયત્નો કરવા જરૂરી હતા તેમજ હાલની સ્થિતિએ પણ બાકી પારાઓના નિકાલ ઝડપથી થાય તે માટે નિયત કરેલ સમિતિઓની કાર્યવાહી નિયમિત થાય અને તેનો નિકાલ ખૂબ જ ઝડપથી થાય તે માટે જવાબદાર અધિકારીઓને સૂચનાઓ આપી ગંભીરતાથી અગ્રિમતાના ધોરણે બાકી રહેતા પારાઓ તથા તે સંદર્ભેની વસૂલાત પૂર્ણ કરવા સમિતિ ભલામણ કરે છે તથા ભવિષ્યમાં આ બાબતે નિયમિત રીતે સમયમર્યાદામાં યોગ્ય કાર્યવાહી પૂર્ણ થાય તે પ્રમાણેનું ચોક્કસ તંત્ર અને પદ્ધતિ ઉભી કરવા અને નિયમો ઘડવા સમિતિ ભલામણ કરે છે. |
| ૧૦ | ૬૪ | આમ, ઉપર્યુક્ત થયેલ ઓછી વસૂલાત બાબતે સમિતિએ ચિંતા વ્યક્ત કરી તે બાબતે કારોબારીને મહેસૂલી વસૂલાત બાબતની જે સત્તા મળેલ છે તેની સમીક્ષા કરવાની તથા નિયત કરેલ દંડની રકમમાં યોગ્ય વધારો કરવાની વિચારણા કરવા તેમજ દબાણ કરનાર ઈસમો સામે કાયદાકીય કડક પગલાં લેવા માટે અમલમાં હોય તેવા કાયદાઓનો ઉપયોગ કરીને કડક કાર્યવાહી હાથ ધરવાની સમિતિ ભલામણ કરે છે. |
| ૧૧ | ૬૫ | અગાઉ બનેલા કેસો બાબતે સમિતિએ ચિંતા વ્યક્ત કરીને હાલની સ્થિતિએ વિભાગ તરફથી મળેલ પ્રત્યુત્તર જોતાં ઉક્ત બાબતે મહેસૂલ વિભાગે યોગ્ય પદ્ધતિ વિકસાવેલ છે. જેની સમિતિ સરાહના કરે છે પરંતુ, તેમ છતાં કોઈ વ્યક્તિ કે પક્ષકાર કાયદાની કે અન્ય બાબતની જોગવાઈનો દુરુપયોગ કરીને ગેરકાયદેસર લાભ ન ઉઠાવે તે માટે યોગ્ય પગલાં લેવા તથા તેની સમયાંતરે સમીક્ષા કરીને ઉક્ત પદ્ધતિ ખૂબ જ સુચારું અને સંપૂર્ણ રીતે ચુસ્ત બને અને સરકારને થતી મહેસૂલી ખોટને નિવારી શકાય તે માટે યોગ્ય પગલાં લેવા સમિતિ ભલામણ કરે છે. |
| **સહકાર પ્રભાગ** | | |
| ૧૨ | ૬૬ | આથી સમિતિ જે કોઇ પણ કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ પાસેથી મુદ્દલ |

| | | |
|---|---|---|
| | | અને વ્યાજની રકમ વસૂલવાની બાકી હોય તે વસૂલાત ઝડપથી કરવા તથા ભવિષ્યમાં આ પ્રકારે જે કોઇ પણ વસૂલાત કરવાની હોય તેની વસુલાતની કાર્યવાહી સમયસર થાય તે સુનિશ્ચિત કરવા વ્યવસ્થા ગોઠવવા પ્રભાગને ભલામણ કરે છે. વધુમાં સમિતિ સમક્ષ ઉકત ફકરાના જવાબમાં પ્રભાગે જણાવ્યું તે મુજબ બાકીની તમામ રકમની વસૂલાત પૂર્ણ થયેથી તેની સમિતિને જાણ કરવા સમિતિ જણાવે છે. |

## પરિશિષ્ટ –૧

## સન ૨૦૦૯–૧૦ના વર્ષ માટેના મતપાત્ર અનુદાન/બિન મતપાત્ર વિનિયોગ પર વધારો દર્શાવતું પત્રક

### ભાગ–૧

### મહેસૂલ મતપાત્ર

### ક. મહેસૂલ મતપાત્ર અનુદાન પર વધારો

| અનુક્રમ | માગણી નં. અને મુખ્ય સદર | મતપાત્ર અનુદાન પરના વધારાને વિનિયમિત કરવાની રકમ |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧. | **કૃષિ અને સહકાર વિભાગ** | |
| | (૧) ૧ – કૃષિ અને સહકાર વિભાગ | ૫૨,૩૩,૦૦૦ |
| | (૨) ૩ – નાની સિંચાઈ ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ | ૫૨,૨૨,૦૦૦ |
| | (૩) ૫ – સહકાર | ૭,૬૩,૩૩,૦૦૦ |
| ૨. | **શિક્ષણ વિભાગ** | |
| | (૪) ૯ – શિક્ષણ વિભાગ | ૩,૧૦,૮૩,૮૦,૦૦૦ |
| | (૫) ૧૦– શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ | ૬,૬૧,૦૦૦ |
| ૩. | **ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ** | |
| | (૬) ૧૨ – કર વસૂલાત ખર્ચ – ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૬૮,૨૩,૦૦૦ |
| ૪. | **નાણા વિભાગ** | |
| | (૭) ૧૭ – તિજોરી અને હિસાબ વહીવટ | ૨૦૦,૦૬,૦૦૦ |
| | (૮) ૧૮ – પેન્શન અને અન્ય નિવૃતિ લાભ | ૧,૨૮,૧૪,૭૪,૦૦૦ |
| ૫. | **અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગ** | |
| | (૯) ૨૧ – અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૮૪,૮૪,૦૦૦ |
| | (૧૦) ૨૩ – અન્ન | ૧,૩૮,૫૪,૦૦૦ |
| ૬. | **વન અને પર્યવારણ વિભાગ** | |
| | (૧૧) ૨૬ – વન | ૧,૮૭,૯૯,૦૦૦ |
| ૭. | **સામાન્ય વહિવટ વિભાગ** | |
| | (૧૨) ૩૨ – જાહેર સેવા આયોગ | ૭૧,૦૦૦ |

| | | |
|---|---|---|
| ૮. | **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**<br>(૧૩) ૩૯ – આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ<br>(૧૪) ૪૧ – આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ | <br>૧,૨૪,૦૭,૯૮,૦૦૦<br>૬,૨૮,૦૦૦ |
| ૯. | **ગૃહ વિભાગ**<br>(૧૫) ૪૩ – પોલીસ<br>(૧૬) ૪૫ – રાજય આબકારી<br>(૧૭) ૪૬ – ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ | <br>૬૮,૧૯,૧૬,૦૦૦<br>૭,૯૮,૦૦૦<br>૨,૮૧,૧૭,૦૦૦ |
| ૧૦. | **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>(૧૮) ૪૮ – લેખન સામગ્રી અને મુદ્રણ | <br>૧,૭૮,૦૩,૦૦૦ |
| ૧૧. | **માહિતી અને પ્રસારણ વિભાગ**<br>(૧૯) ૫૫ – માહિતી અને પ્રસારણ વિભાગને લગતું અન્ય ખર્ચ | <br>૬,૫૨,૦૦૦ |
| ૧૨. | **શ્રમ અને રોજગાર**<br>(૨૦) ૫૭ – શ્રમ અને રોજગાર | <br>૨૦,૮૩,૦૮,૦૦૦ |
| ૧૩. | **કાયદા વિભાગ**<br>(૨૧) ૬૧ – કાયદા વિભાગને લગતું અન્ય ખર્ચ | <br>૪,૦૪,૭૦,૦૦૦ |
| ૧૪. | **વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**<br>(૨૨) ૬૨ – વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ | <br>૪૧,૪૩,૦૦૦ |
| ૧૫. | **નર્મદા, જળસંપત્તિ , પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**<br>(૨૩) ૬૪ – નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ<br>(૨૪) ૬૬ – સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ | <br>૨,૧૧,૧૫,૦૦૦<br>૮૨,૬૧,૯૧,૦૦૦ |
| ૧૬. | **પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**<br>(૨૫) ૬૯ – પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ<br>(૨૬) ૭૩ – પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ | <br>૩૦,૪૬,૦૦૦<br>૨,૧૧,૧૬,૪૮,૦૦૦ |
| ૧૭. | **બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**<br>(૨૭) ૭૫ – બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચ | <br>૯,૬૪,૦૦૦ |
| ૧૮. | **મહેસૂલ વિભાગ**<br>(૨૮) ૮૦ – ડાંગ જિલ્લો | <br>૧૬,૪૯,૦૦૦ |

| | | |
|---|---|---|
| **૧૯.** | **માર્ગ અને મકાન વિભાગ**<br>(૨૯) ૮૪ – બિન રહેણાંકના મકાનો<br>(૩૦) ૮૬ – માર્ગ અને પુલ<br>(૩૧) ૮૭ – ગુજરાત પાટનગર બાંધકામ યોજના<br>(૩૨) ૮૮ – માર્ગ અને મકાન વિભાગને લગતું અન્ય ખર્ચ | <br>૨,૬૩,૪૯,૦૦૦<br>૨૩,૫૭,૨૭,૦૦૦<br>૨,૫૦,૬૭,૦૦૦<br>૧,૬૩,૪૨,૦૦૦ |
| **૨૦.** | **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**<br>(૩૩) ૯૬ - આદિજાતિ વિસ્તાર પેટા યોજના | <br>૩,૫૨,૦૭,૦૦૦ |
| **૨૧.** | **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ**<br>(૩૪) ૯૭ – રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ | <br>૧,૭૮,૦૦૦ |
| **૨૨.** | **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**<br>(૩૫) ૧૦૧ – શહેરી આવાસન<br>(૩૬) ૧૦૨ – શહેરી વિકાસ | <br>૯૮,૦૦૦<br>૨,૦૪,૦૦૦ |
| | **કુલ સરવાળો** | **૧૦,૦૭૨,૭૫૮,૦૦૦** |

**ભાગ–૨**

**મહેસૂલ બિન–મતપાત્ર**

**ખ. મહેસૂલ બિન–મતપાત્ર અનુદાન પર વધારો**

| **અનુક્રમ** | **માગણી નં અને મુખ્ય સદર** | **બિન–મતપાત્ર અનુદાન પરના વધારાને વિનિયમિત કરવાની રકમ** |
|---|---|---|
| **૧.** | **નાણા વિભાગ**<br>(૧) ૨૦ – નાણા અને તેની સેવાને લગતા દેવાની ચૂકવણી | ૨૭,૦૬૦,૦૦૦ |
| **૨.** | **સામાન્ય વહિવટ વિભાગ**<br>(૨) ૩૨ – જાહેર સેવા આયોગ | ૧૦૦૦ |
| **૩.** | **ગૃહ વિભાગ**<br>(૩) ૪૩ – પોલીસ | ૧,૫૪,૦૦૦ |
| **૪.** | **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**<br>(૪) ૬૮ (નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને લગતું અન્ય ખર્ચ | ૧૩,૫૮,૦૦૦ |
| **૫.** | **માર્ગ અને મકાન વિભાગ**<br>(૫) ૮૪ – બિન રહેણાંકના મકાનો | ૩,૬૧,૦૦૦ |
| | **કુલ સરવાળો** | **૨૮,૯૩૪,૦૦૦** |

## ભાગ–૩

## મૂડી–મતપાત્ર

## ગ. મૂડી મતપાત્ર અનુદાન પર વધારો

| અનુક્રમ | માગણી નં અને મુખ્ય સદર | મતપાત્ર અનુદાન પરના વધારાને વિનિયમિત કરવાની રકમ |
|---|---|---|
| **૧.** | **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**<br>(૧) ૬૫ – નર્મદા વિકાસ યોજના | ૫,૮૭,૦૦૦ |
| **૨.** | **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**<br>(૨) ૯૩ – અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ | ૫૮,૨૧,૦૦૦ |
| | **કુલ સરવાળો** | **૬,૪૦૮,૦૦૦** |

## ભાગ–૪

## મૂડી–બિન મતપાત્ર

## ઘ. મૂડી બિન મતપાત્ર અનુદાન પર વધારો

| અનુક્રમ | માગણી નં અને મુખ્ય સદર | બિનમતપાત્ર અનુદાન પરના વધારાને વિનિયમિત કરવાની રકમ |
|---|---|---|
| **૧.** | **મહેસૂલ વિભાગ**<br>(૧) ૮૧ – વળતર અને સોંપણી | ૩,૦૧,૦૦૦ |
| **૨.** | **માર્ગ અને મકાન વિભાગ**<br>(૨) ૮૬ – માર્ગ અને પુલ | ૧,૭૫,૦૦૦ |
| | **કુલ સરવાળો** | **૪,૭૬,૦૦૦** |

---------------